dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 344 | AD - 2025, Bhadarva Vad-13 | Friday, Dt.19-09-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૩૦થી વધુ ઇમારતોને નુકસાન, બચાવ ટીમો કાટમાળ નીચે ફસાયેલા લોકોને શોધી રહી છે

# ઉત્તરાખંડના ચમોલીમાં વાદળ ફાટતા અનેક લોકો ગુમ

ચમોલી,તા.૧૮

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના નંદનગર વિસ્તારમાં મોડી રાત્રે વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો હતો. એક જ રાત્રીમાં, ત્રણ ગામોમાં ઘરો, ગાયોના ગોદામ કાટમાળ નીચે દબાઈ ગયા હતા. અત્યાર સુધીમાં ૧૨ લોકો ગુમ થયાની પુષ્ટિ થઈ છે, જ્યારે ૩૦ થી વધુ ઈમારતોને નુકસાન થયું છે. બચાવ ટીમો કાટમાળ નીચે ફસાયેલા લોકોને શોધી રહી છે. ૨૦૦ થી વધુ ગ્રામજનોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. ઘાટ તાલુકાના નંદનગર વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે વાદળ ફાટવાથી વ્યાપક નુકસાન થયું હતું. અત્યાર સુધીમાં આ દુર્ઘટનામાં ૧૨ લોકો ગુમ થયાના અહેવાલ છે. સૌથી વધુ અસરગ્રસ્ત ગામ કુંત્રી લગા ફલી છે, જ્યાં આઠ લોકો ગુમ છે અને ૧૫ થી ૨૦ ઈમારતો અને ગાયોના ગોદામને નુકસાન થયું છે. સવારે ૩ વાગ્યાની આસપાસ ભારે વરસાદને કારણે લોકોના ઘરો પર કાટમાળ પડ્યો. પોલીસ અને NDRF ટીમોએ કાટમાળમાંથી બે મહિલાઓ અને એક બાળકને બચાવી લીધા હતા. ઘાયલોને નંદનગર સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા છે. લગભગ ૨૦૦ ગ્રામજનોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. કુંત્રી લગા સરપાનીમાં બે લોકો ગુમ છે અને બે ઈમારતો ધરાશાયી થઈ છે. અહીં પણ બચાવ ટીમોએ ૧૦૦ ગ્રામજનોને બચાવ્યા છે. ધુર્મા ગામમાં મોક્ષ નદી છલકાઈ ગઈ, જેના કારણે બે લોકો ગુમ થયા અને લગભગ ૧૦ ઘરોને નુકસાન થયું, એસડીઆરએફ, એનડીઆરએફ, આઈટીબીપી(ગૌચર ૮મી બટાલિયન), ડીડીઆરએફ અને મહેસૂલ વિભાગની ટીમો બચાવ કામગીરીમાં રોકાયેલી છે. જોકે, રસ્તા બંધ થવા અને ભૂસ્ખલનને કારણે ટીમોને ઘટનાસ્થળે પહોંચવામાં વિલંબ થઈ રહ્યો છે. મોટાભાગની ટીમો હવે પગપાળા ઘટનાસ્થળે પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.



મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આપત્તિ વ્યવસ્થાપન સચિવ પાસેથી ચમોલીની પરિસ્થિતિ વિશે પૂછપરછ કરી અને ગુમ થયેલા લોકોની શોધમાં કોઈ પણ પ્રકારની ઢીલ ન રાખવાનો નિર્દેશ આપ્યો. મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્ય સરકાર અસરગ્રસ્ત પરિવારો સાથે ઉભી છે અને તમામ રાહત શિબિરોમાં ખોરાક, આશ્રય, તબીબી સંભાળ અને સુરક્ષાની વ્યવસ્થા કરવી જોઈએ. ઘટનાની માહિતી મળતાં, સચિવ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિનોદ કુમાર સુમન, એડિશનલ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (ડીઆઈજી) રાજકુમાર નેગી અને યુએસડીએમએ નિષ્ણાતોએ રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી પરિસ્થિતિનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. બધી બચાવ ટીમોને સક્રિય કરવામાં આવી છે અને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. કંટ્રોલ રૂમમાંથી દરેક પ્રવૃત્તિ પર નજર રાખવામાં આવી રહી છે. ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારોમાં ભારે વરસાદની અપેક્ષા છે. જોકે, મેદાની વિસ્તારોમાં રાહત રહેશે. હવામાન કેન્દ્રની આગાહી મુજબ, નૈનિતાલ, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉપરાંત, દહેરાદૂન, ઉત્તરકાશી, ચંપાવત અને ઉધમ સિંહ નગર જિલ્લાના કેટલાક ભાગોમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. હવામાનશાસ્ત્રીઓ કહે છે કે વાતાવરણમાં પરિવર્તન અને બદલાતા હવામાન પેટર્નને કારણે, આ ચોમાસામાં વધુ તીવ્ર વરસાદ પડી રહ્યો છે. દૂન ખીણની દુર્ઘટનામાં બીજો મોટો અકસ્માત માલદેવતા વિસ્તારના ફુલેટ ગામમાં થયો હતો. સહારનપુરના છ લોકો અહીં એક ઘરના કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે.




# સબરીમાલા મંદિરની મૂર્તિઓમાંથી ચાર કિલો સોનું ચોરાતા હાઈકોર્ટે આપ્યો તપાસનો આદેશ

તિરુવનંતપુરમ,તા.૧૮

કેરળ હાઈકોર્ટે સબરીમાલા મંદિરની મૂર્તિઓ પર સોનાથી ઢંકાયેલી કથિત ગેરરીતિઓની તપાસનો આદેશ આપ્યો છે. કોર્ટે શોધી કાઢ્યું કે ૨૦૧૯ માં જ્યારે મંદિરની મૂર્તિઓ સોનાથી ઢંકાયેલી હતી ત્યારે ચાર કિલોગ્રામ ઓછું સોનું હતું. કોર્ટે મંદિરના મુખ્ય તકેદારી અને સુરક્ષા અધિકારી, જે ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડના પોલીસ અધિક્ષક પણ છે, ને સબરીમાલા મંદિરમાં મૂર્તિઓમાંથી સોનાની કથિત ખોટની વિગતવાર તપાસ કરવાનો નિર્દેશ આપ્યો. મંદિરના દ્વારપાલકો (રક્ષક દેવતાઓ) ની મૂર્તિઓમાં આ સોનાની છેતરપિંડી થઈ છે. ન્યાયાધીશ રાજા વિજયરાઘવન વી અને કેવી જયકુમારની બેન્ચે નોંધ્યું હતું કે ૨૦૧૯ માં જ્યારે મૂર્તિઓમાંથી સોનાના ઢોળ માટે પ્લેટો દૂર કરવામાં આવી હતી, ત્યારે તેનું વજન ૪૨.૮ કિલોગ્રામ હતું. જોકે, જ્યારે ચેન્નાઈ સ્થિત કંપનીમાં મૂર્તિઓનું વજન કરવામાં આવ્યું હતું જેને સોનાના ઢોળનું કામ સોંપવામાં આવ્યું હતું, ત્યારે મૂર્તિઓનું વજન આશરે ૪.૫૪ કિલોગ્રામ ઓછું હતું. કોર્ટે કહ્યું, "૪.૫૪૧ કિલોગ્રામની સ્પષ્ટ અછત છે. આ ચિંતાનો વિષય છે જેની વિગતવાર તપાસની જરૂર છે." કોર્ટે નોંધ્યું હતું કે દ્વારપાલક મૂર્તિઓ ૧૯૯૯માં સત્તાવાર મંજૂરીના આધારે સ્થાપિત કરવામાં આવી હતી અને તેની ૪૦ વર્ષની વોરંટી હતી. જોકે, માત્ર છ વર્ષમાં જ મૂર્તિઓ સાથે સમસ્યાઓ ઊભી થઈ, જેના કારણે સમારકામનું કામ જરૂરી બન્યું. ૨૦૧૯માં ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ (TDB) એ દ્વારપાલક મૂર્તિઓ પર સોનાથી ઢંકાયેલી તાંબાની પ્લેટો સમારકામ અને ફરીથી સોનેરી રંગ માટે મોકલી ત્યારે વિવાદ ફાટી નીકળ્યો. નોંધપાત્ર રીતે, મૂર્તિઓ મોકલવા માટે સ્પેશિયલ કમિશનર કે કોર્ટ પાસેથી મંજૂરી લેવામાં આવી ન હતી. બધા તથ્યોને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટે TDBના મુખ્ય તકેદારી અને સુરક્ષા અધિકારી અને પોલીસ અધિક્ષકને વ્યાપક તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. તેણે કોર્ટને તમામ રેકોર્ડની તપાસ કરવા અને ત્રણ અઠવાડિયામાં રિપોર્ટ સબમિટ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. બેન્ચે આદેશ આપ્યો કે તમામ રજિસ્ટર તકેદારી અધિકારીને સોંપવામાં આવે અને ટીડીબીને તપાસમાં સહકાર આપવાનો નિર્દેશ આપવામાં આવે.







# નેપાળમાં શાંતિ માટે ભારતે સમર્થનની તૈયારી દર્શાવી

નવીદિલ્હી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળની વચગાળાની સરકારના વડાપ્રધાન સુશીલા કાર્કી સાથે ફોન પર વાત કરી અને તાજેતરની દુઃખદ ઘટનાઓ પર સંવેદના વ્યક્ત કરી. તેમણે નેપાળમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે ભારતના અતૂટ સમર્થનની ખાતરી આપી. તેમણે નેપાળના રાષ્ટ્રીય દિવસ નિમિત્તે સુશીલા કાર્કી અને નેપાળના લોકોને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. નોંધનીય છે કે વડાપ્રધાને અગાઉ એકસ પર પોસ્ટ કરીને સુશીલા કાર્કીને નેપાળની વચગાળાની સરકારના વડા તરીકે ચૂંટાયા બદલ અભિનંદન આપ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ એકસ પર પોસ્ટ કરીને કહ્યું, "નેપાળની વચગાળાની સરકારના પ્રધાનમંત્રી શ્રીમતી સુશીલા કાર્કી સાથે સૌહાર્દપૂર્ણ વાતચીત થઈ. મેં તાજેતરમાં થયેલ દુઃખદ જાનહાનિ પર મારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરી અને શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના તેમના પ્રયાસો માટે ભારતના અતૂટ સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. મેં તેમને અને નેપાળના લોકોને આવતીકાલે તેમના રાષ્ટ્રીય દિવસ પર મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પણ પાઠવી." અગાઉ, પીએમ મોદીએ સુશીલા કાર્કીને નેપાળના વચગાળાના પ્રધાનમંત્રી તરીકે કાર્યભાર સંભાળવા બદલ અભિનંદન આપ્યા હતા.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
શુક્રવાર, તા. ૧૯-૦૯-૨૦૨૫

### નુકસાની અંગે આજે દિવસભર તપાસ હાથ ધરવામાં આવી

# બગસરાની એસબીઆઈ બેન્કમાં આગ લાગતા અફરાતફરી

બગસરા,તા.૧૮

બગસરા શહેરમાં બસસ્ટેન્ડ પાસે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) શાખામાં મોડી રાત્રે આગ લાગી હતી. આ ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબુ મેળવવા માટે કામગીરી શરૂ કરી હતી. બેંકમાં ચારે તરફ આગ ફેલાઈ ગઈ હતી અને ધુમાડો વધુ હોવાને કારણે ફાયર જવાનોને આગ પર નિયંત્રણ મેળવવામાં મુશ્કેલી પડી હતી. ઈમર્જન્સી ફાયર ટીમે વોટર બાઉઝર સાથે પાણીનો મારો ચલાવ્યો હતો અને પોર્ટેબલ વેન્ટિલેશન ફેનનો ઉપયોગ કરીને ધુમાડો ઓછો કર્યો હતો.બે કલાકથી વધુ સમય સુધી સતત પાણીનો મારો ચલાવ્યા


તસવીર : હાર્દિક બામટા

બાદ અમરેલી ફાયર ટીમ દ્વારા આગ સંપૂર્ણપણે કાબુમાં લેવામાં આવી હતી. આ કામગીરીમાં જિલ્લા ફાયર ઓફિસર એચ.પી. સરતેજા, સાગરભાઈ પુરોહિત, ભગવતસિંહ ગોહિલ, નિલેશભાઈ સાનિયા, હર્ષપાલસિંહ ગઢવી, કૃષ્ણભાઈ ઓળકીયા, મિલનભાઈ ગાંભવા અને ભીખુભાઈ સહિતની ફાયર ટીમના કર્મચારીઓ જોડાયા હતા. જોકે, આગને કારણે બેંકમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. નુકસાનનો ચોક્કસ અંદાજ અને આગ લાગવાનું કારણ જાણવા માટે દિવસભર તપાસ હાથ ધરવામાં આવી હતી.

# બાબરાના લાલકા ગામે વર્ષો જુની પાણીની સમસ્યાનો અંત આવશે

બાબરા,તા.૧૮

બાબરા તાલુકાના લાલકા ગામમાં વર્ષો જૂની પીવાના પાણીની સમસ્યાનો હવે અંત આવશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયાસોથી ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ગામ માટે નવીન ૧૫૦ મીમી વ્યાસની ડી.આઈ.કે ૭ પાઈપલાઈન માટે અંદાજે રૂ. ૧.૫૦ કરોડની



રકમ મંજૂર કરવામાં આવી છે. લાલકા ગામના લોકો લાંબા સમયથી પીવાના પાણીની અછતનો સામનો કરી રહ્યા હતા.

આ અંગે ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી, જેને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રાજ્ય સરકાર અને પાણી પુરવઠા બોર્ડ સમક્ષ આ રજૂઆત ઉઠાવતા સરકાર તરફથી મંજૂરી મળી છે.

# સાવરકુંડલા કાંટા ઉદ્યોગ સંઘે સરકારના જટિલ નિયમો સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા, વિશ્વપ્રસિદ્ધ કાંટા ઉદ્યોગ કેન્દ્ર, હાલ ચાઈનીઝ મશીનો અને પ્રોડક્ટ્સથી ભારે પડકારનો સામનો કરી રહ્યો છે. સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના બદલે સરકાર અવનવા જટિલ નિયમો લાદીને ઉત્પાદકો અને વેપારીઓને હેરાન કરી રહી છે તેવી આક્ષેપ



ઉઠ્યા છે. આ મુદ્દે સાવરકુંડલા કાંટા ઉદ્યોગ સંઘે ગઈકાલે યોજાયેલી મિટિંગમાં ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. સંઘે આ નિયમોને 'કાળા કાયદા' ગણાવીને, જરૂર પડે તો સરકાર વિરુદ્ધ કડક પગલાં લેવાનો ચેતવણીસભર નિર્ણય લીધો છે. આ વિરોધમાં પ્રમુખ મહેશભાઈ ડોડીયા, કેતનભાઈ ત્રિવેદી, વિપુલભાઈ મકવાણા, નિકુલભાઈ ચુડાસમા, જયંતિભાઈ મકવાણા સાથે વેપારીઓએ સક્રિય ભાગ લીધો હતો.

# અમરેલી નગરપાલિકા દ્વારા પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને પત્રનું વિતરણ

અમરેલી,તા.૧૮

અમરેલી નગરપાલિકા દ્વારા તા.૧૮ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ, ખાતે શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન- પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત "લોક કલ્યાણ મેળા" નું આયોજન કરવામાં આવ્યું



હતું. જેમાં pm swanidhi યોજનાના લાભાર્થીઓને રીકમેન્ડેશન લેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ, અન્ય અધિકારીઓ અને એનયુએલએમ યોજનાના કર્મચારીગણ તેમજ શહેરના નાગરિકો તથા pm swanidhi યોજનાના લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

# ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની વકૃત્વ સ્પર્ધામાં તાલુકામાં પ્રથમ સ્થાને

રાજુલા,તા.૧૮

મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા સ્પર્ધામાં શ્રીમતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની શ્રેયા રોહિતભાઈ હાનાણીએ વકૃત્વ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ વિદ્યાર્થિનીને રૂા. ૧૦.૦૦૦ નું પારિતોષિક મેળવવા પ્રાપ્ત થતાં હાઈસ્કૂલનાં આચાર્યા સીમાબેન પંડ્યા-જોષી, માર્ગદર્શક શિક્ષક એન.જી. બળદાણિયા તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. તેઓ ૧૭/૯/૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષાએ ભાગ લેવા ગયા હતા.

# રાજુલા, જાફરાબાદ અને ખાંભા વિસ્તારના કુલ ૧૦ રસ્તાઓના રિસર્ફેસીંગ માટે મંજૂરી મળી

રાજુલા,તા.૧૮

રાજુલા, જાફરાબાદ, ખાંભા વિસ્તારના રસ્તાઓ રિસર્ફેસીંગ કરવા માટે આગેવાનોની રજૂઆતને સફળતા મળી હતી અને અંદાજિત ૨૯ કરોડ રૂપિયા મંજૂર થયા હતા. રાજુલા, જાફરાબાદ અને ખાંભા વિસ્તારના કુલ ૧૦ રસ્તાઓના રિસર્ફેસીંગ માટે મંજૂરી આપવામાં આવી છે. રાજુલા, જાફરાબાદ, ખાંભા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધીરજલાલ પુરોહિત, બાલાભાઈ કોટડીયા, રાજુલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ટીંબી માર્કેટિંગ યાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળ, લાખણોત્રા, ધીરજભાઈ નકુમ, જાફરાબાદ તાલુકા ભાજપના પ્રમુખ કુલદીપભાઈ વરુ, આનંદભાઈ ભટ્ટ, ખાંભા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ ભીખાભાઈ સરવૈયા, મનુભાઈ વાંઝા, દેવજીભાઈ પડસાલા સહિતના આગેવાનોની રજૂઆતના અંતે રાજુલા, જાફરાબાદ, ખાંભા વિસ્તારના અંદાજિત દસ રસ્તાઓને જે ૭ વર્ષથી બિસ્માર થયેલા હોય તેવા રસ્તાઓ માટે ૨૯ કરોડ રૂપિયા મંજૂર કરાયા છે.

# જનક તળાવીયા સહિતનાઓએ પીએમ મોદીના દિર્ઘાયુ માટે પ્રાર્થના કરી

બાબરા,તા.૧૮

વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે બાબરા શહેર ભાજપ પરિવાર દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તાળાવીયાની આગેવાનીમાં સ્થાનિક શિવમંદિરમાં ભગવાન શિવને અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાજપના શહેર તેમજ તાલુકા સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલ પ્રતિનિધિઓ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૌએ વડાપ્રધાનના


તસવીર : વિજય માળી

આરોગ્ય અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી.

# વડીયા શહેરમાં વીજપોલ સાથે ટ્રક અથડાયો : જાનહાનિ ટળી

વડીયા,તા.૧૮

જેતપુરથી માલસામાન ભરીને આવી રહેલો ટ્રક વડીયાના આંબેડકર નગર પાસે પહોંચતા વીજપોલ સાથે અથડાતા વીજપોલ ટ્રક પર નમી ગયો હતો. જો કે આ સમયે ખાનગી બસ પણ આવતી હોવાથી ટ્રાફિક જામ થયો હતો. માનવ વસાહતવાળા વિસ્તારમાં જ ટ્રક વીજપોલ સાથે અથડાયો હતો જો કે જાનહાનિ



ટળી હતી. આ તકે તાત્કાલિક વીજ વિભાગને જાણ કરવામાં આવતા વીજ તંત્રએ વીજ પુરવઠો બંધ કરી મહામુસીબતે ટ્રકને બહાર કાઢયો હતો. આમ, વીજ તંત્રની સમયસૂચકતાથી મોટી જાનહાનિ ટળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

**વીજ તંત્રએ વીજ પુરવઠો બંધ કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૮/૨૦૨૫

અરજદાર : શ્રી જીણીબેન માલાભાઈ વંશ
સરનામુ : મું.ગોવિંદગલી ખારવાવાડ, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી જીણીબેન માલાભાઈ વંશ** એ તેમના **પુત્રી નામેશ્રી લક્ષ્મીબેન માલાભાઈ વંશ નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૬૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૬/૦૭/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

|| શુભ મુહૂર્ત આવ્યું ||
સાથે હીરો લાવ્યું
નવરાત્રી સ્પેશ્યલ ઓફર
આજે જ બુકીંગ કરાવો અને મેળવો ₹6000 - ₹12000 સુધીનો ફાયદો
બુકિંગ શરૂ ₹5100* થી
કેશ ડિસ્કાઉન્ટ ₹1000*

Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@herotomotocorp.biz

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


સોના-ચાંદીની ખરીદી માટે આજે જ પધારો
અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...
શ્રીનાથજી જ્વેલર્સ (અમરાપુર વાળા)
અંકિત સોની: 99257 57581 / 92650 95977
ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.
બ્રાન્ચ-૧
યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)
હિરેન સોની: 9429220847 / 8141207736
ચકકરગઢ રોડ, ફાટક ઉતરતા, અમૃતનગર શેરી નં.૨, સહજ હોલની બાજુની ગલીમાં, અમરેલી.
બ્રાન્ચ-૨
શ્રી યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)
વિરેન સોની: 98246 28370
હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.

# અમરેલીમાં યુવતી પર હુમલો કરનાર બે આરોપીએ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

**આરોપીઓએ ત્યાં હાજર રહેલા લોકોની માફી માંગી**



અમરેલી,તા.૧૮

અમરેલીમાં યુવતી પર છરી વડે હુમલો કરવાના મામલામાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી વિપુલ ધૂંધળવા અને આકાશ આવટેની ગઈકાલે ધરપકડ કરવામાં આવી હતી. આજે, પોલીસ દ્વારા આ બંને આરોપીઓને ગુના સ્થળ, ભાવકા ભવાની મંદિર ખાતે લઈ જઈને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. આરોપીઓ પાસેથી હુમલામાં વપરાયેલ હથિયાર પણ જપ્ત કરવામાં આવ્યું છે. પોલીસે આરોપીઓને સ્થાનિક લોકો સમક્ષ માફી મંગાવી હતી. આ ઉપરાંત, આરોપીઓએ ફેંકી દીધેલા મોબાઈલના સિમ કાર્ડની શોધખોળ પણ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી વિપુલને યુવતી સાથે પ્રેમસંબંધ હતો અને યુવતીએ ફોન ન ઉપાડતા અને અન્ય જગ્યાએ સગાઈ થઈ જતાં તેણે આ હુમલો કર્યો હતો.

# અમરેલી જિલ્લામાં ડુંગળીના પાકને સુકારો અને બાફિયા નામના રોગનો ભરડો



અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં ડુંગળીના પાકને સુકારો અને બાફિયા નામના રોગે ભરડો લીધો છે. છેલ્લા ત્રણ વર્ષથી કપાસ અને મગફળીની સાથે ડુંગળીનું વાવેતર કરતા ખેડૂતો આ રોગચાળાને કારણે મુશ્કેલીમાં મુકાયા છે, જેનાથી તેમને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. જિલ્લાના ખેડૂતો પરંપરાગત રીતે કપાસ અને મગફળીનું વાવેતર વધુ કરતા હતા. જોકે, છેલ્લા કેટલાક વર્ષોથી ડુંગળીના સારા ભાવ મળતા હોવાથી ખેડૂતો ધીમે ધીમે ડુંગળીના વાવેતર તરફ વળ્યા છે. પરંતુ, આ વર્ષે ડુંગળીના પાકમાં સુકારો અને બાફિયા જેવા રોગોનો પ્રકોપ જોવા મળ્યો છે, જે ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે.

**ડુંગળીમાં રોગચાળો ફેલાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ**

# સા.કુંડલામાં ધોળે દિવસે અજગર દેખાતા રેસ્ક્યુ



સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલામાં સાંજના સમયે મારુતિ મોટર્સ ગેરેજ સ્વામિનારાયણ મંદિર પાસે PGVCL ના વીજપોલ પડેલ હોય, તેમાં આવી ચડેલા અજગર પર ત્યાંના દુકાનદારો તથા રોડ પર ચાલતા લોકોનું ધ્યાન જતા આ ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવી હતી. સા.કુંડલાના સેવાભાવી સંજયભાઈ ચોટલીયા દ્વારા અજગરનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સંજયભાઈ દ્વારા વન વિભાગને અજગર સોંપવામાં આવ્યો હતો.

# અમરેલીના ટાવરચોકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વદેશીના સ્ટીકરો લગાવશે

અમરેલી,તા.૧૮

ડો.ભરત કાનાબાર પ્રેરિત અમરેલી સ્થિત અનુકંપા ફાઉન્ડેશન દ્વારા 'સ્વદેશી અભિયાન'ને વેગ આપવા માટે આગામી ૨૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહીને અમરેલીના ટાવર ચોક ખાતે દુકાનો પર સ્વદેશી ઉત્પાદનો વેચવાના સ્ટીકરો જાતે લગાવશે. આ સ્ટીકરો પર 'મને ગર્વ છે કે મારે ત્યાં માત્ર સ્વદેશી ઉત્પાદનો જ વેચાય છે' એમ લખેલું હશે. આ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, હિરાભાઈ સોલંકી, જનક તળાવીયા, પૂર્વ



સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પી.પી. સોજીત્રા, અશ્વિનભાઈ સાવલીયા, મુકેશભાઈ સંઘાણી, હીરેનભાઈ હિરપરા સહિત અનેક રાજકીય અગ્રણીઓ અને પદાધિકારીઓ હાજર રહેશે. આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે બુધવારે રાત્રે અજમેરા સ્કૂલ ખાતે શહેર અને જિલ્લાના વેપારી સંગઠનો, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની એક બેઠક પણ યોજાઈ હતી.

# વાંકિયામાં ૨૩ સપ્ટેમ્બરે વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોગ્ય કેમ્પ યોજાશે

વાંકિયા,તા.૧૮

વાંકિયામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૨૩/૯/૨૫ વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોગ્ય કેમ્પ યોજાશે. આ કેમ્પ સુદર્શન નેત્રાલય-અમરેલી, બાબુભાઈ રામજીભાઈ પેથાણીના સ્મરણાર્થે હ. અશ્વિનભાઈ, દિનેશભાઈ અને મહેશભાઈના સૌજન્યથી, સેવા સંગઠન વિકાસ મંડળના સંયુકત ઉપક્રમે યોજાશે. આ કેમ્પમાં મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી દર્દીને 'વિનામૂલ્યે' બેસાડી દેવામાં આવશે. ઓપરેશન માટે એ જ દિવસે લઈ જવામાં આવશે. કેમ્પમાં આંખનું સંપૂર્ણ નેત્ર નિદાન થશે. જરૂરીયાતવાળા લાભાર્થીઓને આંખમાં નંબર તપાસીને રાહત દરે ચશ્મા સુદર્શન નેત્રાલય દ્વારા અપાશે. ચશ્માંનો ૫૦ ટકા ખર્ચ સેવા સંગઠન વિકાસ મંડળ-વાંકિયા આપશે. કોઈપણ રોગનાં દર્દીઓએ પોતાની ચાલુ દવાઓ, રીપોર્ટ ફાઈલ અને આધારકાર્ડની બે નકલ સાથે લાવવાની રહેશે.

# રાજુલામાં પ્રજાપતિ કુંભાર સમાજનું સ્નેહમિલન અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૮

રાજુલા શહેરમાં સમસ્ત પ્રજાપતિ કુંભાર સમાજ દ્વારા ગુરૂવારે નવમો તેજસ્વી વિદ્યાર્થી પ્રતિભા સન્માન સમારંભ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરા પ્રેરિત અને રાજુલા તાલુકા પ્રજાપતિ શિક્ષણ સમિતિ આયોજિત આ કાર્યક્રમ વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિની વાડીમાં સંપન્ન થયો. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાનોના સ્વાગતથી થઈ હતી. પ્રમુખ રણછોડભાઈ ગોહિલે શાબ્દિક સ્વાગત પ્રવચન આપ્યું, જ્યારે નાની બાળાઓએ સ્વાગત ગીત રજૂ કર્યું. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૯૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત, સમાજના દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, જેમણે સમાજને વિકાસના કાર્યોમાં સહયોગ આપ્યો છે. આ કાર્યક્રમમાં પ્રજાપતિ સમાજના અનેક અગ્રણીઓ અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભુપતભાઈ પાંડવ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અલખ યાત્રા સમિતિના સભ્યોનું પૂ.વિજય બાપુ સહિત સંતો-મહંતો દ્વારા સન્માન



તસવીર : સંજય વાળા

ધારી,તા.૧૮

ધર્મજાગરણ સમન્વય સૌરાષ્ટ્ર પ્રાંત આયોજિત અલખ યાત્રાનું તાજેતરમાં સફળતાપૂર્વક આયોજન થયું હતું. ભાદરવી સુદ બીજના દિવસે સાવરકુંડલા, અમરેલી, બગસરા, વિસાવદર, ચલાલા અને ધારી જેવા વિવિધ વિસ્તારોમાંથી આ યાત્રા નીકળી હતી. સતાધાર ખાતે, પૂજ્ય વિજયબાપુ અને સેવકગણ દ્વારા યાત્રાનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે, ધર્મજાગરણ સમન્વય સૌરાષ્ટ્ર પ્રાંતની અલખ યાત્રા સમિતિના સભ્યોનું વિજયબાપુ, ગણપતબાપુ અને રામદેવપીર આશ્રમ, ધારીના સંતો-મહંતો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સમાપ્ત થયા બાદ લક્ષ્મણબાપુની જગ્યામાં ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સ્નેહમિલનમાં ભીખુબાપુ અગ્રાવત, મોટાભાઈ સંવટ, દિલાવરભાઈ લલિયા, દિગંતભાઈ ભટ્ટ, ટીનુભાઈ લલિયા અને ભીખાભાઈ કાબરીયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**લીલીયા મોટા ભાભા માર્કેટ યાર્ડ**

**:: જાહેર સુચના ::**

સીસીઆઈમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેકાના નક્કી થયા મુજબ રૂ.૧૬૧૨/- ના ભાવેથી કપાસ વેંચવા માંગતા લીલીયા તાલુકાના ખેડૂતોએ ''કપાસ કિસાન'' મોબાઈલ એપ્લિકેશનમાં તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં પોતાની નોંધણી કરાવી લેવી ફરીજીયાત છે. ગાફલતમાં ન રહેવા કરતા આજે જ આપની નોંધણી કરાવી લેવી જો નોંધણી કરાવેલી હશે તો વેચી શકાશે.



BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@ 40% OFF
BUY 3@ 50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■મનિષ વાકોતર
■વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

# અમરેલીમાં હુમલો થયેલ યુવતીની મુલાકાત લેતા સામાજિક આગેવાન જીગીષા પટેલ



અમરેલી, તા.૧૮

અમરેલી શહેરમાં યુવતી પર થયેલા હુમલાની ઘટના બાદ સામાજિક આગેવાન જીગીષા પટેલે સિવિલ હોસ્પિટલ પહોંચી યુવતી તથા પરિવારજનોની મુલાકાત કરી હતી. જિગીષા પટેલે સામાન્ય પરિવારની દીકરી પર અત્યાચાર થયો છે ત્યારે હર્ષ સંઘવી અને પોલીસ પર ગંભીર આક્ષેપ કરી જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સાવ કથળી ગયા છે. પોલીસ આરોપીઓને છાવરી રહી છે અને એક આરોપીનું ચહેરો પણ બહાર નથી લાવતી, ત્યારે ગરીબ પરિવારોને ન્યાય કેવી રીતે મળે?

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**
**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૧/૨૦૨૫ — તા.૧૨/૦૯/૨૦૨૫

શ્રી નલીનભાઈ કાંતીલાલ કોઠારી,
રહે. ડોબરીયા પ્લોટ, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી,નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી નલીનભાઈ કાંતીલાલ કોઠારી રહે. ડોબરીયા પ્લોટ, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમના ભાઈ શ્રી રાજેશભાઈ કાંતીલાલ કોઠારીનો જન્મ તા.૨૧/૦૯/૧૯૭૨ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર | કોર્ટનો સિક્કો | હુકમથી સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૩૮/૨૦૨૫ — તા.૧૫/૦૯/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. જયાણી ગોકળભાઈ મધુભાઈ
રહે. જુના સાવર તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી જુના સાવર તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ભાવેશકુમાર ગોકળભાઈ જયાણીનો જન્મ તા.૦૪/૦૪/૧૯૮૩ ના રોજ મુ.જુના સાવર તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૩૬/૨૦૨૫ — તા.૧૫/૦૯/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. મંજુલાબહેન બાબુભાઈ ખુંટ વાઈફ/ઓફ રમેશભાઈ પટોળીયા
રહે. સી-૧, માતૃશક્તિ સોસાયટી, પુણાગામ ૬૬ સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નાના ભમોદ્રા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મંજુલાબહેન બાબુભાઈ ખુંટનો જન્મ તા.૧૬/૦૩/૧૯૭૧ ના રોજ મુ.નાના ભમોદ્રા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**
**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૩/૨૦૨૫ — તા.૧૨/૦૯/૨૦૨૫

શ્રી મગનભાઈ રવજીભાઈ રૂડાણી
રહે. કાલસારી, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા. વિસાવદર, જી. જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી મગનભાઈ રવજીભાઈ રૂડાણી રહે. કાલસારી, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર | કોર્ટનો સિક્કો | હુકમથી સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**
**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૪/૨૦૨૫ — તા.૧૨/૦૯/૨૦૨૫

શ્રી ભાનુબેન શંભુભાઈ વાડદોરીયા વા.ઓ. મગનભાઈ રવજીભાઈ રૂડાણી
રહે. કાલસારી, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, મુંડીયા રાવણી, તા. વિસાવદર, જી. જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ભાનુબેન શંભુભાઈ વાડદોરીયા વા.ઓ. મવનભાઈ રવજીભાઈ રૂડાણી રહે. કાલસારી, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ વિસાવદર તાલુકાના મુંડીયા રાવણી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મુંડીયા રાવણી, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મુંડીયા રાવણી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર | કોર્ટનો સિક્કો | હુકમથી સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર

**ખેડૂતોને ન્યાય નહી મળે તો કોંગ્રેસ સૌરાષ્ટ્રમાં આંદોલન શરૂ કરશે**

# ડિજિટલ ક્રોપ સર્વેની ખામીઓ દૂર કરીને ખેડૂતોને ન્યાય અપાવવા પ્રતાપ દુધાતની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાવરકુંડલા-લીલીયાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ડિજિટલ ક્રોપ સર્વેની ખામીઓ તાત્કાલિક દૂર કરવા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે આ અંગે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, સરકાર જાતે સ્થળ પર આવી ખેડૂતોને સહકારમાં રાખીને વાસ્તવિકતા આધારિત સર્વે કરે. ખેડૂતોને ફરી મુશ્કેલીઓ ન પડે તે માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે. સરકાર દ્વારા કરવામાં આવેલ ડિજિટલ ક્રોપ સર્વે / સેટેલાઈટ સર્વેમાં ગંભીર ખામીઓ રહેલી હોવાનું બહાર આવ્યું છે. ખેડૂતોના સર્વે નંબર તથા વાવેતર કરેલા પાકોની હકીકત સાથે મેળ ન ખાતા આંકડાઓના કારણે ખેડૂતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. અતિવૃષ્ટિના પ્રસંગે પણ અમરેલી જિલ્લામાં સહાય વિતરણમાં વ્હાલા-દવલાની નીતિ અપનાવવામાં આવી હતી. એક જ ગામમાં કેટલાક ખેડૂતોને સહાય અપાઈ હતી જ્યારે કેટલાક ખેડૂતોને વંચિત રખાયા હતા. આ અંગે યુવક કોંગ્રેસના નેતા નિર્મળ પટેલે કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, "પાડાને વાંકે પખાલીને ડામ" જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તેમણે સરકારને તાત્કાલિક આ ખામીયુક્ત સર્વે રદ કરીને સ્થળ પર જઈને હકીકત આધારિત સર્વે કરવાની માંગણી કરી છે. તેમણે ચેતવણી આપી છે કે, જો ખેડૂતોને ન્યાય નહીં મળે તો કોંગ્રેસ પક્ષ ખેડૂતોના હિતમાં સાવરકુંડલા તાલુકા સહિત સમગ્ર



સૌરાષ્ટ્રમાં આંદોલન અને વિરોધ પ્રદર્શન શરૂ કરશે. આ પત્રની નકલ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પણ મોકલવામાં આવી છે.

**ખેડૂતોને મગફળીની સેટેલાઈટ ઈમેજ વાંધા અરજી પ્રતાપ દુધાતના કાર્યાલય ખાતે વિનામૂલ્યે કરી અપાશે**

સાવરકુંડલા અને લીલીયા તાલુકાનાં ખેડૂતોએ મગફળી પાકની ટેકાના ભાવે ખરીદી કરવા માટે ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવેલ છે. જે સર્વે નંબર ઉપર અરજી કરેલ છે તેમાં સેટેલાઈટ ઈમેજમાં મગફળી પાક જોવા મળેલ નથી જે બદલનો મેસેજ જે ખેડૂતોને મળેલ હોય તેવા ખેડૂતો માટે સાવરકુંડલા તાલુકાના ખેડૂતો સાવરકુંડલા ખાતે પૂર્વ ધારાસભ્યનાં કાર્યાલય પર તેમજ લીલીયા તાલુકાનાં ખેડૂતો તાલુકા પંચાયતની સામે જરૂરી ડોક્યુમેન્ટ લાવવાથી વાંધા અરજી કરી આપવામાં આવશે. સાથે ડોક્યુમેન્ટમાં સમૃદ્ધિ પોર્ટલ પર કરવામાં આવેલ અરજીની નકલ, નમુના નંબર ૧૨માં તલાટી કમ મંત્રી દ્વારા કરવામાં આવેલ નોંધણી નકલ, આધાર કાર્ડની નકલ જોડવાની રહેશે.

# અમરેલી નગરપાલિકામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનો શુભારંભ

અમરેલી, તા.૧૮



મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે, અમરેલી નગરપાલિકા દ્વારા આજે 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો. આ અભિયાન આગામી ૩૧ ઓક્ટોબર સુધી એટલે કે ત્રણ પખવાડિયા સુધી ચાલશે, જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. આ અવસરે નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ બીનાબેન કાલેણા, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત અનેક અગ્રણીઓ અને શહેરીજનો હાજર રહ્યા હતા. આ અભિયાન અંતર્ગત, શહેરના ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સ, બ્લેક સ્પોટ, બજારો, રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોની સફાઈ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. આ કાર્યક્રમમાં જનભાગીદારી વધારવા માટે પણ પ્રયાસો કરવામાં આવશે.

**અભિયાનને વિવિધ થીમમાં વહેંચવામાં આવ્યું**

૧૭ થી ૨૨ સપ્ટેમ્બર: બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, રીક્ષા સ્ટેન્ડ અને જાહેર પાર્કિંગની સફાઈ.
૨૩ થી ૨૯ સપ્ટેમ્બર: ધાર્મિક, પ્રવાસન અને ઐતિહાસિક સ્થળોની સફાઈ.
૩૦ સપ્ટેમ્બર થી ૬ ઓક્ટોબર: નદી, તળાવ અને દરિયાકિનારા સહિતના જળસ્ત્રોતોની સફાઈ.
૭ થી ૧૩ ઓક્ટોબર: વિવિધ સર્કલો, ચોક અને પ્રતિમાઓ આસપાસની સફાઈ.
૧૪ થી ૨૦ ઓક્ટોબર: બજારો, માર્કેટ અને વાણિજ્ય વિસ્તારોની સફાઈ.
૨૧ થી ૨૭ ઓક્ટોબર: સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો અને હોસ્પિટલોની સઘન સફાઈ.
૨૮ થી ૩૧ ઓક્ટોબર: શહેરના આઉટગ્રોથ અને પ્રવેશદ્વારોના વિસ્તારોની સઘન સફાઈ.

# રાજુલામાંથી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર આથો ઝડપાયો

**ચાર ઈસમો દેશી દારૂ પી આંટાફેરા કરતા હોવાથી પોલીસના હાથે ઝડપાયા**

રાજુલા, તા.૧૮

રાજુલામાંથી પોલીસે દેશી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર આથો ઝડપી પાડ્યો હતો. રાજુલા તત્વજયોતિ વિસ્તારમાં નાના રીંગણીયાળા ગામે જવાના રસ્તે આવેલ પડતર જગ્યામાં દેશી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર આથો ઝડપાયો હતો.

પોલીસે ૩૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલીમાંથી બે અને મોટા જીંજુડામાંથી બે મળી કુલ ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા હતા. રાજુલામાંથી બે શખ્સો નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

# સાવરકુંડલામાં સગીરાએ એસિડ પીતાં સારવારમાં મોત

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલામાં સગીરાએ બીમારીથી કંટાળી એસિડ પીતાં તેનું સારવારમાં મોત થયું હતું. છેલ્લા ઘણા સમયથી માથાના અને પેટના દુઃખાવાથી પીડાતી એક સગીરાએ બીમારીથી કંટાળી જઈને એસિડ પી લીધું હતું. આ ઘટના બાદ તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ, યુવતી છેલ્લા પાંચ વર્ષથી આ બીમારીથી પીડાઈ રહી હતી. વારંવારની સારવાર કરાવવા છતાં રાહત ન મળતા તે હતાશ થઈ ગઈ હતી. આ હતાશામાં તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટનાને કારણે પરિવારમાં અને આસપાસના વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

**બીમારીથી કંટાળી પગલું ભર્યું હતું**

# બાબરામાં રહેણાંક મકાન પાસેથી બાઈક ચોરાયું

બાબરા, તા.૧૮

બાબરામાં કરિયાણા રોડ ઉપરથી એક વેપારીનું બાઈક ચોરાયું હતું. બનાવ અંગે મનહરભાઈ ધનજીભાઈ વણોદિયા (ઉ.વ.૪૭)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે તેની મોટર સાયકલ ઘર પાસે પાર્ક કર્યું હતું. રાત્રિના સમયે કોઈ અજાણ્યો ઈસમ તેની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

# અમરેલીમાં પીએમ સ્વનિધિ યોજના હેઠળ લોક કલ્યાણ મેળાનું આયોજન

અમરેલી, તા.૧૮

શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે અમરેલી નગરપાલિકા દ્વારા દિલીપભાઈ સંઘાણી ટાઉન હોલ ખાતે પીએમ સ્વનિધિ યોજનાનો 'લોક કલ્યાણ મેળો' યોજાયો હતો. કાર્યક્રમમાં યોજનાના લાભાર્થીઓને લોન માટેના રેકમેન્ડેશન લેટરનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય કૌશિકભાઈ




વેકરીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે લાભાર્થીઓને પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરકારી શાળાના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને લીડ બેંક મેનેજર પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાના વેપારીઓ અને ફેરિયાઓને આત્મનિર્ભર બનાવીને શહેરી વિકાસમાં સહભાગી બનાવવાનો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: તેરસ
તા. ૧૯-૦૯-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૭,
સૂર્યાસ્ત-૦૬:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૧૯-૦૯-૨૦૨૫ શુક્રવાર

મેષ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા: લવમેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. શરૂઆતમાં થોડા અવરોધ ઊભા થશે પણ અંતે દરેક જણ તમારી સાથે સહમત થતા જોવા મળશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિ યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકર: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

# ધારીના રાજસ્થળી ગામે મહિલાને વાળ પકડી ઢસડીને જાનથી મારવાની ધમકી આપી

**લોખંડના પાઈપ વડે માર પણ માર્યો**

ધારી, તા.૧૮

અમરેલી જિલ્લામાં મહિલાઓ પર અત્યાચારની ઘટનામાં વધારો થઈ રહ્યો છે. ધારીના રાજસ્થળી ગામે મહિલાને વાળ પકડી ઢસડીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે ગોવિંદભાઈ રણછોડભાઈ દેલવાણીયાએ નાસીરભાઈ ઉર્ફે બાવલો પીરૂભાઈ લલગ અને હાર્દિકભાઈ ઉર્ફે કાળીયો રમેશભાઈ મોલાડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ આરોપી નાસીરે ફરિયાદીની દીકરી પાસે આવીને ધમકી આપી હતી કે હાર્દિક તેને મારશે. આ સાંભળીને દીકરીએ 'શું કામ મારે?' તેમ પૂછતાં નાસીરે તેને ગાળો ભાંડી માર મારવાનું શરૂ કર્યું હતું. આરોપીઓ ફરિયાદીની દીકરીને તેના ઘેર ઢસડીને લઈ ગયા હતા અને ત્યાં પણ માર માર્યો હતો. આ ઘટના જોઈને તેઓ અને તેમના પત્ની વચ્ચે પડતા આરોપી હાર્દિક ત્યાં આવી ગયો હતો. તેના હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે તેણે તેમના પત્નીને માર મારવાનું શરૂ કર્યુ હતું. તેણે પેટમાં ત્રણ-ચાર પાટા માર્યા અને વાળ પકડીને ઢસડી હતી. આ દરમિયાન તેણે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાએ ફરી એકવાર મહિલાઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા કર્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધ્રુફણીયાથી દામનગર રોડ ઉપર અકસ્માતમાં પુરુષને હેમરેજ થયું

દામનગર, તા.૧૮

દામનગર જિલ્લામાં અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો હતો. ધ્રુફણીયાથી દામનગર રોડ પર અકસ્માતમાં પુરુષને હેમરેજ થયું હતું. ભાવનગરમાં રહેતા હિતેષભાઈ વાલજીભાઈ મકવાણા (ઉ.વ.૪૦)એ શૈલેષભાઈ ભગવાનભાઈ ગોહિલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાના હવાલાવાળા મોટર સાયકલની પાછળ ઈજા પામનાર અશ્વિનભાઈ વાલજીભાઈ મકવાણાને બેસાડી ધ્રુફણીયાથી દામનગર તરફ આવતા હતા તે સમયે સંતુલન ગુમાવતા બાઈકની પાછળ બેસેલને નીચે રોડ ઉપર પછાડી દેતા ઈજા પામનારને માથાના ભાગે ગંભીર ઈજા હેમરેજ થયું હતું. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.વી. મજીઠીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# 'તે બાતમી આપી છે' કહી બાબરાના કોટડાપીઠાના યુવકને મુંઢમાર માર્યો

બાબરા, તા.૧૮

કોટડાપીઠા ગામે રાજ હોટલ પાસે યુવકને 'તે બાતમી આપી છે' કહી મુંઢમાર માર્યો હતો. તેમજ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે બાબરાના કોટડાપીઠાના વનરાજભાઈ વલકુભાઈ બોરીચા (ઉ.વ.૩૩) એ અફઝલભાઈ હનીફભાઈ સોલંકી તથા હનીફભાઈ હાસમભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ રાજ હોટેલ પાસે પસાર થતા હોય તે દરમ્યાન આરોપીઓએ સાદ પાડીને બોલાવ્યા હતા અને કહ્યું કે 'અમે દારુના કેસમાં અને મોટર સાયકલ ચોરીમાં પકડાયા તેની બાતમી તે આપી છે.' જેથી તેમણે 'બાતમી નથી આપી' તેમ કહેતા આરોપીએ ઉશ્કેરાઈ જઈને તેના નેફામાંથી છરી કાઢીને ડાબા કાન ઉપર મારી હતી. તેમજ બીજા બે ઘા માર્યા હતા અને શરીરે આડેધડ માર માર્યો હતો. તેમજ પેડુમાં પાટુ મારી બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

**ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી**

# શ્રી વીરબાઈ મા ટિફિન સેવા દ્વારા વિનામૂલ્યે નેત્રમણી કેમ્પનું આયોજન થયું

અમરેલી, તા. ૧૮

સમાજસેવાના કાર્યોમાં સક્રિય એવી શ્રી વીરબાઈ મા ટિફિન સેવા દ્વારા તાજેતરમાં વિનામૂલ્યે નેત્રમણી અને મોતિયાના ઓપરેશન માટે એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજના સમયે આયોજિત આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો અને તેમની આંખોની તપાસ કરાવી. આ કેમ્પમાં કુલ ૮૩ લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ, જેમને



મોતિયાના ઓપરેશનની જરૂર હતી તેવા ૨૫ દર્દીઓને વધુ સારવાર અને ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા દકાભાઈ મજીઠીયા, ચાવડા સાહેબ, હરેશભાઈ કુંડલીયા, જગદીશભાઈ જોશી, તુલસીભાઈ પટેલ, નિલેશભાઈ જ્યાણી, ભીખાભાઈ દરજી, ભરતભાઈ પરમાર અને વિશાલ વ્યાસ જેવા સમર્પિત વ્યક્તિઓએ જહેમત ઉઠાવી હતી.

તંત્રી લેખ

# વન નેશન, વન ટાઈમનો અમલ થશે

ભારતમાં હવે "વન નેશન, વન ટાઈમ" યોજનાની શરૂઆત થવા જઈ રહી છે. અત્યાર સુધી સમય માપવાની ઘણી પદ્ધતિઓ અને તફાવતોને કારણે ટેક્નોલોજી, કાયદો, આર્થિક વ્યવહાર અને આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં મુશ્કેલીઓ થતી રહી છે. હવે સરકારે નક્કી કર્યું છે કે સમગ્ર દેશમાં માત્ર એક જ સચોટ સમયને માપદંડ તરીકે સ્વીકારવામાં આવશે. આ માટે જીપીએસ જેવી વિદેશી ટેક્નોલોજી પર આધાર રાખવાને બદલે ભારતમાં નિર્મિત નાવીક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. અત્યાર સુધી આપણે ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમનો ઉપયોગ કરતા હતા. ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ (આઈએસટી) ભારત અને શ્રીલંકાનું સમય ધોરણ છે, જે સમગ્ર દેશ માટે એક જ સમય ઝોન તરીકે કાર્ય કરે છે. તે સમન્વિત સાર્વત્રિક સમય (યુટીસી) થી સાડા પાંચ કલાક આગળ (UTC+૫:૩૦) છે. આઈએસટીની સ્થાપના ૧ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી અને આજે તે રાષ્ટ્રીય ભૌતિક પ્રમાણભૂત પ્રયોગશાળા (એનપીએલ) દ્વારા રાખવામાં આવે છે. આઈએસટીનો મુખ્ય લાભ તેની સરળતા છે. સમગ્ર દેશમાં એક જ સમય હોવાથી, સંચાર, પરિવહન, પ્રસારણ અને રાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન સરળ બને છે. તે રાષ્ટ્રીય એકતાની ભાવનાને પણ પોષે છે. જોકે, આ 'એક-સમય-ઝોન' ની નીતિમાં એક મૂળભૂત ખામી છે, જે ભારતના વિશાળ ભૌગોલિક વિસ્તારને કારણે ઊભી થાય છે. ભારત પૂર્વથી પશ્ચિમ સુધી લગભગ ૨,૯૩૩ કિલોમીટર પહોળો છે, જેના કારણે સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં નોંધપાત્ર તફાવત આવે છે. ઉદાહરણ તરીકે, પૂર્વમાં આસામમાં સૂર્યોદય પશ્ચિમમાં ગુજરાત કરતાં લગભગ બે કલાક આગળ થાય છે. આથી, જ્યારે ગુજરાતમાં સવારે ૧૦ વાગ્યે સૂર્ય પૂરી રીતે ઊગી ચુક્યો હોય છે, ત્યારે આસામમાં તે સમયે ૧૨ વાગી ચુક્યા હોય છે. આ પ્રકૃતિકૃત અસંતુલનનું સીધું પરિણામ સમયના અપવ્યય અને ઊર્જા વપરાશમાં વધારો તરીકે દેખાય છે. પૂર્વના રાજ્યોમાં સવારે અંધારું રહેતું હોવા છતાં ઓફિસો અને સ્કૂલો શરૂ થાય છે, જ્યારે પશ્ચિમના રાજ્યોમાં સાંજે અંધારું થતાં ખૂબ પહેલાં શાળાઓ બંધ થાય છે અને લોકોને કૃત્રિમ પ્રકાશ પર નિર્ભર રહેવું પડે છે. આ ખામીઓને નિવારવા માટે જ 'વન નેશન વન ટાઈમ' ની યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ દેશભરમાં એકસાથે ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ માટે એક સામાન્ય, સુરક્ષિત અને સમન્વિત સમયસરન (ટાઈમ સ્લોટ) પૂરું પાડવાનો છે. આઈએસટી ભૌગોલિક સૂર્ય સમયમાં તફાવત રાખતું નથી, પરંતુ 'વન નેશન વન ટાઈમ' આધારિત સિસ્ટમો દ્વારા, સરકારી અને ખાનગી ડિજિટલ સેવાઓને એવા સમયસરમાં બાંધવામાં આવશે જે દરેક પ્રદેશના પ્રાકૃતિક પ્રકાશ સાથે વધુ સુસંગત હોય અથવા રાષ્ટ્રીય કાર્યક્ષમતા માટે ઑપ્ટિમાઈઝ કરવામાં આવે. આનાથી ઊર્જાની બચત થશે, કાર્યક્ષમતા વધશે અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુસંગતતા આવશે. આમ, 'વન નેશન વન ટાઈમ' એ આઈએસટીની ભૌગોલિક ખામીઓને ડિજિટલ રીતે સમાયોજિત કરીને એક નવી શરૂઆત પ્રદાન કરે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નેશનલ ફિઝિકલ લેબોરેટરી અને ઈસરોની રહેશે. નાવીક સેટેલાઈટ સિસ્ટમથી મળતો સમય નેશનલ ફિઝિકલ લેબોરેટરીમાં પ્રમાણિત કરવામાં આવશે અને તે સમયને ઓપ્ટિકલ ફાઈબર દ્વારા અમદાવાદ, બેંગ્લુરુ, ભુવનેશ્વર, ફરીદાબાદ અને ગુવાહાટી ખાતે આવેલા પ્રાદેશિક કેન્દ્રો સુધી મોકલવામાં આવશે. આ કેન્દ્રોમાં એટોમિક ઘડિયાળો સ્થાપિત કરાશે, જે સમયને અતિ સચોટ રાખશે.

# પેટ્રોલ, ડીઝલ અને કોલસાના યુગનો અંત આવશે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આગામી દાયકાઓમાં નોન કન્વેન્સનલ એનર્જી એટલે સૂર્ય ઊર્જા, પવન, ભૂભૌતિક ઊર્જા, બાયોએનર્જી અને અન્ય નિત્ય નવીન પ્રકારની એનર્જીનો ઉપયોગ વધશે. કારણ કે પરંપરાગત ઊર્જા સ્ત્રોતો જેમ કે પેટ્રોલ, ખનીજ તેલ અને કોલસાના ભંડારો ધીમે ધીમે ખૂટી રહ્યા છે. ડીઝલ અને કોલસા ભંડાર સીમિત પ્રમાણમાં ઉપલબ્ધ છે અને તે એક દિવસ પૂરાં થઈ જશે. આ નવા ઊર્જા સ્ત્રોતો પર્યાવરણ માટે પણ લાભદાયક છે કારણ કે એ ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઓછું કરે છે અને સતત ઉપલબ્ધ રહે છે. સૂર્ય અને પવન જેવી ઊર્જા સતત ઉપલબ્ધ છે અને તેમને ટેકનોલોજી દ્વારા વધુ સસ્તા અને અસરકારક બનાવવાની દિશામાં સતત પ્રગતિ થઈ રહી છે. ભવિષ્યમાં નોન કન્વેન્સનલ એનર્જી વિશ્વમાં ઊર્જા જરૂરિયાતની મોટી ભૂમિકા ભજવશે અને પેટ્રોલ, ડીઝલ અને કોલસા જેવા પરંપરાગત એકંદર સ્ત્રોતો નાની ભૂમિકા માટે જ રહેશે, અથવા તે સંપૂર્ણપણે બદલાઈ જશે. આ દૃષ્ટિએ, પરંપરાગત ફોસિલ ફ્યુઅલ્સ મર્યાદિત છે અને નોન કન્વેન્સનલ રીન્યુએબલ એનર્જી ઊર્જા ક્ષેત્રમાં મુખ્ય પ્રવાહ બની જશે સૌર ઊર્જા એ સૂર્યના કિરણોથી મળતી ઊર્જા છે. સૂર્યપ્રકાશ અને તાપમાન આપણને રોજબરોજ એનર્જી આપે છે. આ એનર્જીનો ઉપયોગ કરીને વીજળી બનાવવી અને અન્ય કામો માટે ઉપયોગ કરવો તેને સોલાર એનર્જી કહેવામાં આવે છે. હવે સોલાર પેનલ્સને મુખ્ય સ્ત્રોત તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સોલાર પેનલ એ એવા ઉપકરણ છે જે સૂર્યપ્રકાશ received કરીને તેને વીજળીમાં પરિવર્તિત કરે છે. ઘરોથી લઈ મોટા ઉદ્યોગોમાં આ પેનલનો ઉપયોગ વધી રહ્યો છે. સૌર ઊર્જા પર આધારિત વીજળી પ્રદૂષણ નથી કરતી અને સંપૂર્ણ રીતે પ્રાકૃતિક છે. સોલાર પેનલ સ્થાપતી વખતે એક વખત ખર્ચ થાય છે, પરંતુ ત્યારબાદ તેને જાળવી રાખવું ખૂબ સરળ અને કિફાયત ભર્યું થાય છે. સોલાર પેનલની જાળવણી માટે માત્ર સમયાંતરે તેને સાફ કરવું જરૂરી રહે છે. આથી વીજળીનું બિલ ઓછું આવે છે અને અમર્યાદિત સૌર ઊર્જાનો લાભ મળે છે. વધુમાં, જો સોલાર પેનલ વધારે વીજળી બનાવે તો બાકી વીજળીને સરકાર ખરીદી લે છે. સોલાર પેનલમાં જે વધારાની વીજળી ઉત્પન્ન થાય છે તે સરકારી ગ્રીડમાં જાય છે અને જેટલી વીજળી ઉત્પન્ન થઈ હોય તેટલી રકમનું બિલ ગ્રાહકને કપાતમાં મળે છે અને જો વધુ વીજળી ઉત્પન્ન થઈ હોય તો તે પૈસા બેલેન્સ રહે છે અને ગ્રાહકને ઝીરો બિલ ભરવાનું થાય છે આમ એક વખત મૂડીરોકાણ કર્યા પછી ગ્રાહકને કાયમી ધોરણે મફત વીજળીનો લાભ મળ્યા કરે છે તે સૌથી મોટો ફાયદો છે. આજકાલ સોલાર એનર્જીનો ઉપયોગ વધવાને કારણે પર્યાવરણમાં પ્રદૂષણ ઘટી રહ્યું છે અને ફોસિલ ફ્યુઅલ્સનો પર્યાય બની રહ્યું છે. સરકાર પણ સોલાર ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ ચલાવે છે. આથી, સોલાર એનર્જી અને સોલાર પેનલ આપણા વિસ્તારમાં એક મોટું રૂપાંતર લાવી શકે છે જેનાથી વીજળી સસ્તી, પર્યાવરણ સ્વચ્છ અને સુસ્થિર બની શકે છે. આવી વધુ ને વધુ સૌર ઊર્જાનો ઉપયોગ આપણા માટે અને આવતી પેઢીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સોલાર પેનલ સૂર્યપ્રકાશને વીજળીમાં બદલવાનું કામ કરે છે. પેનલમાં નાના-નાના ફોટોવોલ્ટેઈક કોષો હોય છે, જે સિલિકોનથી બનેલા હોય છે. જ્યારે સૂર્યના કિરણો આ કોષો પર પડે છે, ત્યારે તે કોષોમાં રહેલા સેમિકન્ડક્ટર સૂર્યની ઊર્જાને ડાયરેક્ટ કરંટ (DC) વીજળીમાં ફેરવે છે. પરંતુ ઘરમાં ઉપયોગ માટે એ સીધી વપરાતી વીજળી નથી, કારણ કે ઘરમાં એલ્ટરનેટિંગ કરંટ (AC) વીજળી વપરાય છે.અત્યાર સુધી DC વીજળીને AC વીજળીમાં ફેરવવા એક સાધન નામે "ઈન્વર્ટર" વાપરવામાં આવે છે. ઈન્વર્ટર DC વીજળીને AC વીજળીમાં રૂપાંતરિત કરે છે, જેથી તે ઘર અને ઉદ્યોગ માટે ઉપયોગમાં લઈ શકાય. produced વીજળીનો ઉપયોગ કરવા માટે પેનલ્સ પર સૂર્યપ્રકાશની જરૂર પડે છે અને તેનું ઉત્પાદન ઈન્વર્ટર દ્વારા નિયંત્રિત થાય છે જે ઊર્જા વધુ સારી રીતે ઉત્પન્ન થાય તે ખાતરી કરે છે. સોલાર પેનલ મિકેનિકલ ભાગો વિના કામ કરે છે એટલે તેમાં જાળવણી રાખવામાં બહુ ઓછા ખર્ચા થાય છે. આ પેનલ સળંગ સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરે છે જે પ્રદૂષણમુક્ત અને પર્યાવરણીય રીતે ઉપયોગી છે. તેથી સોલાર પેનલ્સનો ઉપયોગ વધી રહ્યો છે તે મનુષ્યજાતિ અને પર્યાવરણ માટે લાભદાયક છે. સોલાર પેનલના ફાયદા ઘણાં છે. સોલાર પેનલથી ઉત્પન્ન થતી વીજળી સૂર્યની અનંત શક્તિ પરથી મળે છે, જેના કારણે વીજળીના બિલમાં મોટો ઘટાડો થાય છે. આ પેનલ્સ સ્થાપિત કર્યા પછી વીજળી માટે માસિક ખર્ચ ઘટાડવામાં મદદ મળે છે અને લાંબા સમય સુધી નફાકારક રહે છે. સોલાર પેનલની જાળવણી ખૂબ જ સરળ છે કારણકે તેમાં કોઈ ગતિશીલ ભાગો ન હોય, એટલે જાળવણી ખર્ચ પણ ઓછો આવે છે. સૌર ઊર્જા પર્યાવરણને ખૂબ જ અનુકૂળ છે, કારણકે તે પ્રદૂષણ કરતું નથી અને કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનને ઓછું કરે છે. આ ઉપરાંત, સોલાર પેનલ્સ ઈંધણની કિંમત અને ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ કરે છે જેના કારણે પર્યાવરણ સ્વચ્છ રહેશે. સોલાર પેનલ્સ કોઈપણ વિસ્તારમાં સરળતાથી લગાવી શકાય છે, ખાસ કરીને ત્યાં જ્યાં વીજળી ગ્રીડની સુવિધા ન હોય. આ ઉપરાંત, સરકાર પણ સોલાર પેનલ્સ માટે સબસિડી અને સહાયની વિવિધ યોજના આપે છે જેને કારણે લોકો માટે તે વધુ સસ્તું અને સરળ બની ગયું છે. આ રીતે, સોલાર પેનલ સાથે ઊર્જા બચત, પર્યાવરણ સંરક્ષણ અને નાણાકીય લાભ મળતો રહે છે, જેને કારણે તે ભવિષ્યની ઊર્જા સમાધાન તરીકે મહત્વપૂર્ણ બની રહ્યું છે આવું જ વિન્ડ મીલ ઉર્જાનું છે. આજે સૌરાષ્ટ્રના દરિયા કિનારે કચ્છમાં તથા અમરેલી પંથકમાં મોટા પ્રમાણમાં વિન્ડ મીલ એટલે પવનચક્કી જોઈ શકાય છે જે પવનની ગતિથી વીજળી ઉત્પન્ન કરે છે. એક મિનિટનો એક આંટો આ પવનચક્કી ફરે તો પણ વીજળી ઉત્પન્ન થાય છે આવી અનેક પવનચક્કીઓ પર્યાવરણનું જતન કરે છે અને મફત વીજળી ઉત્પન્ન કરે છે. આમ ધીમે ધીમે સૌર ઊર્જા અને પવન ઊર્જાનું પ્રમાણ વધતું જશે અને એક સમયે કોલસો, ડીઝલ અને પેટ્રોલ જોવાની નહી મળે.



# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૬ | ૧૬૪૦ |
| ઘઉં લોકવન | ૫૨૭ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૯ | ૫૬૨ |
| જુવાર સફેદ | ૫૩૦ | ૭૯૪ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૬૦ |
| બાજરી | ૩૮૦ | ૪૪૮ |
| તુવેર | ૯૫૦ | ૧૨૭૦ |
| ચણા પીળા | ૯૪૧ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૧૧૧ | ૧૯૫૧ |
| અડદ | ૯૮૦ | ૧૫૨૦ |
| મગ | ૧૩૦૦ | ૧૮૨૭ |
| વાલ દેશી | ૪૦૦ | ૧૧૧૮ |
| ચોળી | ૭૦૦ | ૧૪૧૬ |
| વટાણા | ૯૦૧ | ૨૧૦૦ |
| કળથી | ૬૭૫ | ૬૭૫ |
| રાજમા | ૧૦૧૧ | ૧૩૭૫ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૯૩૫ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૩૦૦ |
| તલી | ૧૫૦૦ | ૧૯૫૦ |
| સુરજમુખી | ૮૫૧ | ૮૫૧ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૯૯ |
| અજમો | ૯૪૦ | ૨૦૭૫ |
| સુવા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૫૧ | ૮૪૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૪૦ |
| કાળા તલ | ૩૬૫૦ | ૪૩૫૦ |
| લસણ | ૬૪૦ | ૮૦૦ |
| ધાણા | ૧૩૪૦ | ૧૫૧૧ |
| ધાણી | ૧૩૯૫ | ૧૬૧૧ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૪૯૬ |
| જીરૂ | ૩૨૭૫ | ૩૫૬૫ |
| રાય | ૧૩૦૦ | ૧૬૪૦ |
| મેથી | ૮૪૦ | ૧૨૫૬ |
| ઇસબગુલ | ૧૨૫૧ | ૧૪૦૦ |
| કલોંજી | ૩૧૭૦ | ૩૯૫૦ |
| રાયડો | ૧૧૨૦ | ૧૨૯૦ |
| રજકાનું બી | ૬૩૫૦ | ૮૧૬૧ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૧૮ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| પૈપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૭૦ |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| સુરણ | ૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૧૨૦૦ |
| મુળા | ૧૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| કારેલા | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૮૦૦ |
| પરવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| કંટોળા | ૪૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી | ૨૦૦ | ૧૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૧૦૦ | ૪૦૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૭૫ | ૧૦૮૦ |
| શિંગ ૬૬ નંબર | ૮૦૫ | ૮૦૫ |
| શિંગ મોટી | ૬૫૦ | ૧૦૯૭ |
| શિંગ દાણા | ૯૫૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૦૭૯ | ૨૦૫૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૪૩૫૦ |
| તલ કાશ્મીરી | ૧૪૪૦ | ૨૩૬૨ |
| બાજરો | ૩૯૦ | ૫૬૧ |
| જુવાર | ૬૫૨ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૧૧ |
| ઘઉં લોકવન | ૫૦૯ | ૫૭૨ |
| મકાઈ | ૪૪૫ | ૬૮૫ |
| મગ | ૧૧૦૦ | ૧૬૩૬ |
| અડદ | ૮૩૦ | ૧૩૯૯ |
| ચણા | ૮૯૦ | ૧૧૩૫ |
| સફેદ ચણા | ૧૦૧૨ | ૧૦૯૧ |
| તુવેર | ૮૦૦ | ૧૦૯૯ |
| કપાસ | ૮૩૫ | ૧૫૫૨ |
| એરંડા | ૧૧૮૫ | ૧૨૬૮ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૫૭૧ |
| ધાણા | ૧૧૩૩ | ૧૪૨૦ |
| મેથી | ૮૫૫ | ૮૮૬ |
| સોયાબીન | ૭૫૦ | ૮૧૩ |
| રજકાનું બી | ૨૭૫૦ | ૬૭૫૦ |
| કાંગ | ૪૨૫ | ૪૨૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૨૫૦ | ૩૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૫૫૦ | ૬૦૦ |
| દુધી | ૪૦૦ | ૪૫૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૦૦ | ૨૪૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| શીંગઓળા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| હળદળ લીલી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૪૦૦ | ૫૦૦ |
| આમળા | ૭૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૨૬૫ |
| મરચાં લીલાં | ૨૦૦ | ૬૦૦ |
| મરચાં લાલ | ૧૦૦ | ૨૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૧૩૦૦ |
| લસણ સુકું | ૬૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૬૫૦ | ૯૨૦ |
| તલ સફેદ | ૧૪૭૫ | ૧૮૩૩ |
| તલ કાળા | ૩૮૦૦ | ૪૨૧૨ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૫૬ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૦ |
| બાજરો | ૩૩૦ | ૫૯૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| તુવેર | ૯૦૦ | - |
| મેથી | ૭૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૮૦૧ | - |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૧૦૦ | ૧૩૮૪ |
| કપાસ જુનો | ૧૫૭૧ | ૧૫૭૧ |
| ચણા | ૮૪૧ | ૧૧૨૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| રાય | ૧૦૧૦ | ૧૦૧૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૧૦ | ૧૪૫૧ |
| ઘઉં | ૫૨૫ | ૫૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગ દાણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૨૦ | ૧૪૩૫ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૨૬ |
| મેથી | ૬૦૦ | ૬૦૦ |
| શીંગ ફાડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૯૨૦ | ૯૨૦ |
| સોયાબીન | ૭૭૦ | ૭૮૦ |
| તુવેર | ૯૦૦ | ૯૫૦ |
| અડદ | ૧૨૧૫ | ૧૨૧૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૭૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગફળી | ૫૦૦ | ૭૪૨ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૩૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર નવો | ૧૧૭૦ | ૧૩૯૦ |
| કપાસ જુનો | ૧૩૬૦ | ૧૪૯૦ |
| મગફળી નવી | ૭૨૫ | ૮૭૫ |
| તલ સફેદ | ૧૫૪૫ | ૧૮૭૫ |
| જીરૂ | ૨૮૩૫ | ૩૬૨૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| અડદ | ૮૯૫ | ૧૧૭૫ |
| મગ | ૧૨૨૯ | ૧૪૧૫ |
| ચણા | ૯૯૦ | ૧૦૫૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૧૫ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| બાજરો | ૩૫૫ | ૪૬૮ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૫૫ |
| જુવાર | ૭૦૦ | ૮૧૧ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૫૦૬ | ૧૫૦૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૨૮૦૧ | ૩૨૦૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૭૩૫ | ૧૧૭૨ |
| બાજરો | ૩૮૦ | ૫૬૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૫૯ |
| જુવાર | ૬૦૦ | ૭૧૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૫૫ |
| મગ | ૧૨૦૦ | ૧૭૨૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| તલ | ૧૪૦૦ | ૧૮૩૪ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૨૩૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૪૧ |
| કાંગ | ૪૦૦ | ૪૯૪ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૭૨૫ | ૧૧૭૦ |
| શીંગ ૩૯ | ૭૦૦ | ૧૦૨૫ |
| શીંગ ૩૨ | ૬૫૦ | ૮૫૨ |
| શીંગ જી-૨૦ | ૭૪૮ | ૮૭૩ |
| જુવાર | ૩૯૦ | ૬૧૯ |
| બાજરી | ૩૫૧ | ૫૫૯ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૨૩ |
| મકાઈ | ૪૭૩ | ૫૧૧ |
| અડદ | ૯૦૧ | ૧૦૮૧ |
| મગ | ૧૦૧૧ | ૧૫૬૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૧૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૪૨૭૬ |
| તુવેર | ૬૦૧ | ૯૭૨ |
| અજમા | ૧૩૦૧ | ૧૫૨૨ |
| ડુંગળી લાલ | ૬૩ | ૨૭૪ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૨૦૪ |
| નાળીયેર | ૧૫૦૦ | ૩૩૩૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૬૫ | ૫૩૦ |
| બાજરો | ૩૭૦ | ૪૯૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૪ |
| મગ | ૧૩૦૫ | ૧૬૫૫ |
| અડદ | ૯૦૦ | ૧૪૧૦ |
| તુવેર | ૮૦૦ | ૧૧૯૦ |
| ચોળી | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૮૩૫ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૧૭૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૧ |
| તલ | ૧૨૦૦ | ૧૯૨૫ |
| લસણ | ૪૫૦ | ૮૧૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૮૦ |
| અજમો | ૭૫૦ | ૨૬૨૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ડુંગળી સૂકી | ૩૫ | ૨૧૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| રાજમા | ૭૦૦ | ૧૪૭૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૩૬ | ૧૫૮૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૧ |
| અડદ | ૬૦૧ | ૧૧૮૬ |
| તુવેર | ૭૦૬ | ૧૧૯૧ |
| મગ ફળી | ૬૦૧ | ૧૦૨૪ |
| શીગ ફાડા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૦૫૧ | ૧૮૦૧ |
| મેથી | ૬૫૧ | ૯૦૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૬૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૧૧ |

## શબ્દ સંજોગ-૨૦૭૧



**આડી ચાવી :**
(૧) .... શક્તિ અંબેમા (૨)
(૩) સાપની કાંચળી (૨)
(૬) પગાર (૩)
(૮) સહેજ ઈશારો કે સંકેત (૩)
(૧૦) પવન ફૂંકવાનું સાધન (૩)
(૧૨) નારી, મહિલા (૨)
(૧૩) રસ, આનંદ (૨)
(૧૪) જમીનદારના મહેતા (૩)
(૧૬) એક ફળ (આ-અ) (૩)
(૧૭) ઊંડો મર્મ, ભેદ (૨)
(૧૮) સંબંધ, મેળ (૨)
(૧૯) કુટુંબમાં પૂજય, મોટું (૩)
(૨૧) આ ખાનામાં તમને આવડે તે લખો (૨)
(૨૩) મહોલ્લો (૨)
(૨૪) બાળક, વાછરડું (૨)
(૨૬) રમવાની એક ગોટી (૩)
(૨૭) ઘાણી ચલાવનાર (૨)
(૨૮) બચકામાં માય એટલો ટુકડો (૩)
(૨૯) વેલ (૨)
(૩૦) કડવું, તીખું (૨)

**ઉભી ચાવી :**
(૧) પૂજા, સેવા (૪)
(૨) પ્રદેશ, મુલક (૨)
(૪) મોતીની સેર (૨)
(૫) દરવાજો (૨)
(૬) પ્રસવની પીડા (૨)
(૭) સાસુના જમાઈની પત્ની (૩)
(૯) એક પક્ષી (૩)
(૧૧) મરી જાય તેવું (૫)
(૧૩) સ્વાધીન (૩)
(૧૪) એક ફળ (૩)
(૧૫) કિનારો, કાંઠો (૨)
(૧૭) જમીન ખોદવાનું ઓજાર (૩)
(૨૦) વળે પણ ભાંગે નહી તેવું (૪)
(૨૨) ગધેડાનું બચ્ચું (૩)
(૨૩) એક મરાઠી અટક (૩)
(૨૫) ખામી, ઉણપ (૨)

## શબ્દ સંજોગ-૨૦૭૦ જવાબ

**આડી ચાવીઃ** (૧) ઝોન (૩) જોગાનજોગ (૮) કતીલું (૧૦) વળગણ (૧૧) જોગી (૧૨) લીવા (વાલી) (૧૫) જે (૧૬) યુરેનસ (૧૯) કંદોરી (૨૨) લણણી (૨૩) દર (૨૪) મનપસંદ (૨૫) વકાલત (૨૬) કલના (૨૮) ભણી (૨૯) વાટ (૩૦) ભટકણ (૩૧) ખેદ.
**ઉભી ચાવી :** (૧) ઝોક (૨) નતીજો (૪) ગાવલી (૫) નળવાયુ (૬) જોગ (૭) ગણ (૯) લુંગી (૧૩) ચાસણી (૧૪) માકંદ (૧૭) રેલસંકટ (૧૮) નણદલ (૨૦) દોરવણી (૨૧) દાનત (૨૪) મલકટ (૨૭) નાશાદ (૨૮) ભડું (૨૯) વાણ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જાફરાબાદ પાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ

અમરેલી,તા.૧૮



જાફરાબાદ નગરપાલિકા દ્વારા “સ્વચ્છતા હી સેવા અભિયાન - ૨૦૨૫” અંતર્ગત સ્વચ્છોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જાફરાબાદ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ સ્વચ્છતા ઝુંબેશનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા ઝુંબેશમાં પારેખ એન્ડ મહેતા હાઈસ્કૂલના આચાર્ય, સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપરાંત શહેરીજનો જોડાયા હતા. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જાફરાબાદ નગરપાલિકા વિસ્તારમાં ખાસ સ્વચ્છતાલક્ષી એકમો અને બ્લેક સ્પોટની ઝુંબેશ સ્વરૂપે સફાઈ હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત નગરપાલિકા, હાઈસ્કૂલની વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતાના વિષય પર નિબંધ તેમજ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ સાથે લોકોને સ્વચ્છતાના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, તા. ૧૭ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન શહેરોમાં બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, રિક્ષા, ટેક્સી અને સાયકલ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ, શહેરી વિસ્તારમાંથી પસાર થતા રીંગ રોડ, રાજ્યના ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરી માર્ગ જેવા સ્થળોની સંપૂર્ણ સાફ-સફાઈ કરવામાં આવશે. તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન શહેરોમાં આવેલા ધાર્મિક સ્થળો, સંગ્રહાલયો, પ્રવાસન સ્થળો, બાગ-બગીચાઓ, ઐતિહાસિક સ્થળો, સાર્વજનિક અને ટ્રેકિંગ અને કેમ્પિંગ સ્થળોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

# અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આગમનને લઈ તડામાર તૈયારીઓ શરૂ

અમરેલી,તા.૧૮







અમરેલી જિલ્લા સહકાર પરિવાર દ્વારા આ વર્ષે પણ જિલ્લાની મુખ્ય સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા તથા ‘સહકારથી સમૃદ્ધિ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ’નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું આયોજન સહકારી ક્ષેત્રના અગ્રણી દિલીપભાઈ સાંગાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીને આવકારવા માટે ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જયંતીભાઈ પાનસુરીયા અને મનીષભાઈ સંઘાણી સહિત સમગ્ર સહકાર ટીમ તડામાર તૈયારી કરી રહ્યા છે.

**જિલ્લાની મુખ્ય સહકારી સંસ્થાઓની વાર્ષિક સભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહેશે**

# ઉનાની પ્રાથમિક શાળાના શિક્ષિકાનું પ્રકૃતિ મિત્ર એવોર્ડથી સન્માન

ઉના,તા.૧૮



ઉનાની પ્રાથમિક શાળાના શિક્ષિકા જ્યોત્સનાબેન પટોળિયાને પ્રકૃતિ વંદન કાર્યક્રમ ૨૦૨૫ અંતર્ગત રાજ્ય કક્ષાએ પ્રકૃતિ મિત્ર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જ્યોત્સનાબેન નાથાભાઈ પટોળીયાને કે.ટી. પરિવાર ખેડબ્રહ્મા અને પ્રકૃતિ મિત્ર ગ્રુપ દ્વારા સમગ્ર રાજ્યમાંથી પ્રકૃતિ માટે કાર્યકર્તા શિક્ષકો, સંસ્થાઓ, સ્વયંસેવકોને રાજ્ય કક્ષાએ પ્રકૃતિ મિત્ર એવોર્ડ આપી સન્માનિત કરવાનો કાર્યક્રમ ગાયત્રી મંદિર અંબાજી ખાતે સોમવારે યોજાયો હતો.

# સુરત ખાતે ‘વિચારોનું વાવેતર’ કાર્યક્રમમાં ‘સામાજિક અભિગમ’ પર વક્તવ્ય

સુરત, તા.૧૮



સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ‘થર્સ-ડે થોટ’ એટલે કે ‘વિચારોનું વાવેતર’ કાર્યક્રમ યોજાયો હતો. આ ૧૨૮મા કાર્યક્રમમાં વક્તા કાનજીભાઈ ભાલાળાએ જીવનમાં સામાજિક અભિગમનું મહત્વ સમજાવ્યું. તેમણે કહ્યું કે, વ્યક્તિની સાચી ઓળખ માત્ર પૈસાથી નહીં, પરંતુ તેના સામાજિક દ્રષ્ટિકોણથી થાય છે. આ પ્રસંગે યુરો ફૂડના મનહરભાઈ સાસપરા અને બિલીવ ફાર્માના રજનીભાઈ મુંગરાને તેમના સામાજિક અભિગમ માટે બિરદાવવામાં આવ્યા. આ ઉપરાંત, હરિકૃષ્ણ એક્સપોર્ટ્સના ડાયરેક્ટર પીન્ટુ ધોળકિયાએ ‘બિઝનેસ વિથ સોશિયલ એપ્રોચ’ વિષય પર વાત કરી. તેમણે જણાવ્યું કે, જો કર્મચારીઓને કેન્દ્રમાં રાખીને નિર્ણયો લેવામાં આવે તો ચોક્કસ સફળતા મળે છે. કાર્યક્રમમાં, ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર મેળવનાર ચેતનભાઈ હીરપરાનું ‘ટીચિંગ વિથ સોશિયલ એપ્રોચ’ એવોર્ડ આપીને સન્માન કરાયું. સાથે જ, પિસ્તોલ શૂટિંગમાં ગોલ્ડ મેડલ વિજેતા કૃતિ ડોબરિયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

# બેન્ક ઓફ બરોડા મોટી કુંકાવાવ શાખાનો વહીવટ કથળતા રોષ

વડીયા,તા.૧૮



મોટી કુંકાવાવ બેંક ઓફ બરોડાના કર્મચારીઓ અરજદારો સાથે ગેરવર્તન કરે છે, અરજદારોને માર્ગદર્શન આપતા નથી, અભણ ખેડૂતોને સ્લીપ ભરી નથી દેતા અને છેલ્લા બે મહિના થયા બેંકના એટીએમની અંદર એસી સંપૂર્ણ રીતે બંધ હાલતમાં જોવા મળેલ છે. આ કર્મચારીઓને આ બાબતમાં જરા પણ ધ્યાન દેવું નથી. આ અંગે એક જાગૃત નાગરિકે આ બાબતની ઓનલાઇન ફરિયાદ કરેલ છે. જોવાનું એ રહ્યું કે ઉપરના અધિકારીઓ આ કર્મચારીઓ પર કોઈ કાર્યવાહી કરશે કે કેમ.

# સોમનાથ ખાતે પાંચમો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો, વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

ઉના,તા.૧૮



**માંધાતા ગૃપ ગીર સોમનાથ તથા કોળી સમાજ સુત્રાપાડાના સંયુક્ત ઉપક્રમે આયોજન**

માંધાતા ગ્રુપ ગીર સોમનાથ તથા કોળી સમાજ સુત્રાપાડાના સંયુક્ત ઉપક્રમે ‘સરસ્વતી સન્માન સમારોહ’નું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચમા સરસ્વતી સન્માન સમારોહ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા વિશેષ સિદ્ધિ મેળવેલ યુવક -યુવતીઓને મોમેન્ટો અને સન્માન પત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ દરમિયાન જૂનાગઢ ગીર સોમનાથ સાંસદ રાજેશભાઈ ચુડાસમા, અખિલ ભારતીય કર્મચારી મંડળ ગુજરાત પ્રમુખ -વંશ, માંધાતા ગ્રુપ ગીર-સોમનાથ પ્રમુખ રામભાઈ રાજુભાઈ ચૌહાણ ઉપપ્રમુખ હરેશભાઈ સહિતના હાજર રહ્યાં હતા. આ સન્માન સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

# પીએમ મોદીના જન્મદિને કોડીનારમાં રક્તદાન કેમ્પ સાથે ઉજવણી કરાઈ

કોડીનાર,તા.૧૮



ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા કોડીનાર, અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત અને શિક્ષક સંઘ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા કોડીનાર શહેર/તાલુકો, અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત અને શિક્ષક સંઘ ગુજરાત દ્વારા દર્દીઓની આરોગ્યલક્ષી સેવાઓ માટે મંગળવારના રોજ નાલંદા સ્કૂલ કોડીનાર ખાતે દિવ્ય જ્યોત બ્લડ બેંક ઉનાના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શિક્ષકો, ભારતીય જનતા પાર્ટીના યુવા કાર્યકર્તાઓ તેમજ શહેરીજનો દ્વારા ૨૫૦ બોટલ રક્તદાન કરી ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## નામ બદલાવેલ છે

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ મનીષા કેતનકુમાર રામાણી હતું જે તેમાંથી બદલાવી નવું નામ મનીષાબેન કેતનકુમાર રામાણી રાખેલ છે. હવેથી હું મનીષાબેન કેતનકુમાર રામાણી નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.

મનીષાબેન કેતનકુમાર રામાણી
૩૩, નિર્દોષાનંદ વાટીકા મહુવા રોડ
સાવરકુંડલા જી અમરેલી - ૩૬૪૫૧૫

## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો:-લીલીયા, મોજે-નાના લીલીયાના ખેડ ખાતા નં.૩૦૫, જેના સર્વે નં.૩૫ જેનુ કુલ. ક્ષેત્રફળ:-૦-૪૦-૪૭ હે.આરે.ચો.મી. છે. જે જુની શરત ની છે.જે ખેતીની બિન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) નાથાભાઈ છગનભાઈ ના સ્વતંત્ર/સયુંક્ત નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગ ભાગચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલક્તમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા—૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૭/૨૦૨૫

અરજદાર : શ્રી બાબુભાઈ ચીથરભાઈ જોગદીયા
સરનામુ : મું.કાગવદર તા.જાફરાબાદ જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - કાગવદર
મું.કાગવદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના કાગવદર** ગામના **શ્રી બાબુભાઈ ચીથરભાઈ જોગદીયા** એ તેમના **પુત્રી નામે શ્રી શિતલ બાબુભાઈ જોગદીયા નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૬/૦૭/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે :- ક્રાંકચના ખેડ ખાતા નં.૪૨૯, જેના સર્વે નં. ૨૧૮/૧ પૈકી ૧ જેનુ કુલ.ક્ષેત્રફળ :- ૧-૫૫-૮૦ હે.આરે.ચો.મી. છે. જે જુની શરતની છે. જે ખેતીની બિન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તા (૧) દુધાત લલ્લુભાઈ વલ્લભભાઈ (૨) દુધાત ધીરૂભાઈ વલ્લભભાઈ (૩) દુધાત રાજેશભાઈ બાલુભાઈના સ્વતંત્ર/સયુંકત નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગ ભાગચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા—૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૦/૨૦૨૫ તા.૨૦/૦૮/૨૦૨૫

શ્રી બેચરભાઈ દાનાભાઈ ચૌહાણ
રહે. ભલગામ, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, ભલગામ, તા. વિસાવદર ........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી બેચરભાઈ દાનાભાઈ ચૌહાણ રહે. ભલગામ, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમના પુત્રીશ્રી પ્રભાબેન બેચરભાઈ ચૌહાણનો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૫ ના રોજ વિસાવદર તાલુકાના ભલગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ભલગામ, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ભલગામ, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૦ મી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૨૬/૨૦૨૫

શ્રી ભુપતભાઈ રાઘવભાઈ બાળધા
મુ.ચણાકા, તા.ભેંસાણ જિ.જુનાગઢ
હાલ રહે. ૧૦૬, સ્વામી નારાયણ નગર-૧
સીમાડા નાકા વરાછા રોડ, સુરત સીટી સુરત ........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ચણાકા,
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ભુપતભાઈ રાઘવભાઈ બાળધા દ્વારા તેમના માતૃશ્રી લાભુબેન રાઘવભાઈ બાળધાનું મરણ તા.૧૬/૦૫/૨૦૨૧ના રોજ ગામ મોજેઃ ચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના માતૃશ્રીની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૧ મી માહે : સપ્ટેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૫૪/૨૦૨૫

અરજદાર : શ્રી શિયાળ રૂખડભાઈ જીવાભાઈ
સરનામુ : મું.નાગેશ્રી તા.જાફરાબાદ જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના **શ્રી શિયાળ રૂખડભાઈ જીવાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી હંસાબેન રૂખડભાઈ શિયાળ નો જન્મ** તા.૨૧/૦૬/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૦/૦૮/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## ધારીના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જ.મ. અપીલ રજી નં. ૩૭૭/૨૦૨૪-૨૫ તા.૧૬/૦૯/૨૦૨૫

અરજદાર :- શ્રી રાખોલીયા કાંતાબેન જીવરાજભાઈ
રહે.સુરત, ફ્લેટ નં ૪૧૨, પ્રિયંકા પ્લેસ, પુણાગામ, સુરત સીટી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ગોવિંદપુર,
મુ.ગોવિંદપુર, તા.ધારી, જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ધારી તાલુકાના ગોવિંદપુર ગામમાં અરજદારશ્રી રાખોલીયા કાંતાબેન જીવરાજભાઈ એ તેઓના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૩નાં રોજ ગોવિંદપુર ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,
ધારી

# મુખ્ય ચૂંટણી કમિશનર મતચોરોને રક્ષણ આપી રહ્યા છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૧૮






લોકસભાના વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર ચૂંટણી પંચને કઠેડામાં મૂક્યું છે. પંચ પર મતચોરીનો આરોપ લગાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર મતચોરોને રક્ષણ આપી રહ્યા છે. રાહુલ ગાંધીએ ગુરુવારે કોંગ્રેસ કાર્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના પક્ષના સમર્થકોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે જ્ઞાનેશ કુમાર "લોકશાહીના હત્યારાઓ" અને "મતચોરો" ને રક્ષણ આપી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે જ્ઞાનેશ કુમારે આવા લોકોને રક્ષણ આપવાનું બંધ કરવું જોઈએ અને ચૂંટણી પંચે એક અઠવાડિયાની અંદર કર્ણાટક સીઆઈડી સાથે બધી માહિતી શેર કરવી જોઈએ.

રાહુલ ગાંધીના આરોપોનો ચૂંટણી પંચ તરફથી કોઈ જવાબ મળ્યો નથી. કર્ણાટકના કાલબુર્ગી જિલ્લાના આલંદ વિધાનસભા મતવિસ્તારના ડેટાને ટાંકીને, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસના મતદારોના નામ દૂર કરવાના પ્રયાસો થયા હતા.

# બિહાર ચૂંટણી પહેલાં અમિત શાહના રાહુલ ગાંધી પર પ્રહાર : મોદીના નેતૃત્વની પ્રશંસા કરી

બેગુસરાય,તા.૧૮



બિહાર ચૂંટણીની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ રાજકારણ પૂરજોશમાં છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બિહારની મુલાકાતે છે. બેગુસરાયમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સાથેની વાતચીત દરમિયાન, તેમણે રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ તાજેતરમાં બિહારમાં "ઘૂસણખોરો બચાવો" યાત્રાનું નેતૃત્વ કર્યું હતું. તેમણે કહ્યું કે ભાજપના કાર્યકરોએ રાજ્યના દરેક ઘરે જવું જોઈએ અને લોકોને કહેવું જોઈએ કે જો તેઓ સત્તામાં આવશે તો બિહાર ઘૂસણખોરોથી ભરાઈ જશે. અમિત શાહે પીએમ મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું, "ગઈકાલે મોદીનો જન્મદિવસ હતો. મોદી દુનિયાના એકમાત્ર નેતા છે જે સતત ૨૪ વર્ષ સુધી કોઈ રાજ્યના વડા રહ્યા છે કે કોઈ દેશના વડા. આ ૨૪ વર્ષોમાં, એક પણ દિવસ એવો નથી ગયો જ્યારે મોદીએ એક દિવસની રજા લીધી હોય. તેઓ ૨૪ કલાક દેશની સેવા કરવા માટે સમર્પિત રહ્યા છે. જ્યારે ગરમી વધે છે ત્યારે કેટલાક નેતાઓ વિદેશ પ્રવાસો પર જાય છે. તમે બધા જાણો છો. પરંતુ બીજી બાજુ, મોદીએ હંમેશા દેશને પહેલા, પાર્ટીને બીજા, પાર્ટીના કાર્યકરોને બીજા ક્રમે રાખ્યા છે. તેમણે ક્યારેય પોતાનો કે પોતાના પરિવારનો વિચાર કર્યો નથી. આપણને આવું નેતૃત્વ મળ્યું છે. બિહારની જીત ખૂબ જ મહત્વપૂર્ણ છે. બિહારમાં એનડીએ જેટલું મજબૂત હશે, બિહાર વધુ સમૃદ્ધ હશે. ભાજપ જેટલું મજબૂત હશે, બિહાર વધુ સુરક્ષિત હશે."

## મુખ્યમંત્રી સ્વ-સહાય ભથ્થા હેઠળ, રાજ્યના યુવાનોને દર મહિને ૧૦૦૦ રૂપિયા આપવામાં આવશે : નિતિશ

પટણા,તા.૧૮

બિહારમાં ટૂંક સમયમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. એવું માનવામાં આવે છે કે ચૂંટણી પંચ ઓક્ટોબરના અંતમાં અથવા નવેમ્બરની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણીઓ યોજી શકે છે. ચૂંટણી પહેલા, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર જનતા માટે અનેક મોટી જાહેરાતો કરી રહ્યા છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે વધુ એક મોટી જાહેરાત કરી. તેમણે રાજ્યના યુવાનોને માસિક ૧,૦૦૦ ભથ્થાની જાહેરાત કરી. ચાલો જાણીએ કે આ જાહેરાત કયા યુવાનો માટે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ટ્વીટ કર્યું, ‘‘નવેમ્બર ૨૦૦૫ માં નવી સરકારની રચના થઈ ત્યારથી, શક્ય તેટલા યુવાનોને સરકારી નોકરીઓ અને રોજગાર પૂરો પાડવો અને તેમને સશક્ત બનાવવું એ અમારી પ્રાથમિકતા રહી છે. તમે જાણો છો કે આગામી પાંચ વર્ષમાં ૧ કરોડ યુવાનોને સરકારી નોકરીઓ અને રોજગાર આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## માલેગાંવ વિસ્ફોટના ભોગ બનેલા પરિવારો હાઈકોર્ટમાં પહોંચ્યા, નિર્દોષ જાહેર કરાયેલા સાત વ્યક્તિઓ અને એનઆઈએને નોટિસ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૮



બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે પીડિત પરિવારો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર એનઆઈએ અને ૨૦૦૮ માલેગાંવ વિસ્ફોટ કેસમાં નિર્દોષ જાહેર કરાયેલા સાત વ્યક્તિઓને નોટિસ જારી કરી. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકરની બેન્ચે ફરિયાદ પક્ષ, રાષ્ટ્રીય તપાસ એજન્સી અને મહારાષ્ટ્ર સરકારને પણ નોટિસ જારી કરી. અપીલની સુનાવણી છ અઠવાડિયા પછી થવાની છે. માલેગાંવ વિસ્ફોટમાં માર્યા ગયેલા છ લોકોના પરિવારોએ આરોપીઓને મુક્ત કરવાના નિર્ણયને પડકારતી અરજી હાઈકોર્ટમાં દાખલ કરી છે. અરજીમાં ભાજપના ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ રાજપુરોહિત સહિત સાત આરોપીઓને મુક્ત કરવાના કોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. ગયા અઠવાડિયે દાખલ કરાયેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે ખામીયુક્ત તપાસ અથવા તપાસમાં ખામીઓ આરોપીઓને મુક્ત કરવા માટેનું કારણ ન હોઈ શકે.

## આવતા વર્ષે યોજાનારી પ.બંગાળની ચૂંટણીને લઈ ભાજપ-ટીએમસી મા દુર્ગાના શરણે

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧૮

આવતા વર્ષે યોજાનારી પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓને કારણે, દુર્ગા પૂજાની આસપાસનું રાજકીય વાતાવરણ ગયા વખત કરતાં વધુ તીવ્ર અને ગતિશીલ રહેશે. આ જ કારણ છે કે ભાજપ અને ટીએમસી બંને બંગાળના લોકો અને મતદારો સુધી પહોંચવા માટે દુર્ગા પૂજા પંડાલોનો ઉપયોગ કરી રહ્યા છે. જ્યારે ગૃહમંત્રી અમિત શાહને પશ્ચિમ બંગાળ ભાજપ દ્વારા દુર્ગા પૂજામાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, ત્યારે ટીએમસી પણ પૂજા પંડાલોની થીમનો લાભ લેવા માટે ઉત્સુક છે. ટીએમસી ભાજપ શાસિત રાજ્યોમાં બંગાળી ભાષી સ્થળાંતરિત કામદારો પર ઉત્પીડનનો આરોપ લગાવી રહી છે અને તે થીમ પર આધારિત પૂજા પંડાલો બનાવી રહી છે. હવે, ભાજપ આ દુર્ગા પૂજાનો ઉપયોગ દેશભરના બંગાળી સ્થળાંતરિત લોકો સુધી પહોંચવા માટે પણ કરી રહી છે.

# મહારાષ્ટ્રમાં ચાર મહિનામાં સેંકડો ખેડૂતોની આત્મહત્યા : ચોંકાવનારા આંકડા બહાર આવ્યા

મુંબઈ,તા.૧૮



છેલ્લા ચાર મહિનામાં મહારાષ્ટ્રમાં સેંકડો ખેડૂતોએ આત્મહત્યા કરી છે. રાજ્ય સરકારે ખેડૂત આત્મહત્યાના આંકડા શેર કર્યા છે. આ આત્મહત્યાઓના કારણો ચોંકાવનારા હોવાનું કહેવાય છે, અને આંકડા પણ ચોંકાવનારા છે. ખેડૂતોને એક પછી એક આ દુનિયા છોડવા માટે કેવી રીતે મજબૂર કરવામાં આવ્યા છે? રાજ્ય સરકારના તાજેતરના આંકડા મુજબ, જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૫ દરમિયાન ૭૬૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી, જ્યારે એપ્રિલ ૨૦૨૫ થી અત્યાર સુધીના સમયગાળા માટે આ જ આંકડો સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો નથી. સૂત્રો સૂચવે છે કે જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રણ મહિનામાં આત્મહત્યા કરનારા ખેડૂતોની સંખ્યા કરતાં આ બમણી છે. આનો અર્થ એ થયો કે એપ્રિલ અને સપ્ટેમ્બર દરમિયાન ૧,૦૦૦ થી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. દરમિયાન, જાન્યુઆરીથી જૂન ૨૦૨૫ દરમિયાન, ફક્ત મરાઠવાડા ક્ષેત્રમાં ૫૨૦ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી, જે પાછલા વર્ષની તુલનામાં લગભગ ૨૦% વધુ છે. સૌથી વધુ કેસ મરાઠવાડા ક્ષેત્રમાં બીડ, નાંદેડ, સંભાજીનગર (ઔરંગાબાદ) અને વિદર્ભ ક્ષેત્રમાં યવતમાળ, અમરાવતી, અકોલા, બુલઢાણા અને વાશિમ જિલ્લામાં નોંધાયા હતા. ફક્ત બીડ જિલ્લામાં જ, પહેલા છ મહિનામાં ૧૨૦ થી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી.

# વસુંધરા રાજે અને ભૂતપૂર્વ મંત્રીઓ સામે ૫,૦૦૦ કરોડના કૌભાંડનો કેસ રદ

જયપુર,તા.૧૮



રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે અને તેમના મંત્રીઓ રાજેન્દ્ર રાઠોડ, ગુલાબચંદ કટારિયા, ગજેન્દ્ર સિંહ ખિંવસાર, ભૂતપૂર્વ આઈએએસ અધિકારી સીએસ રાજન અને વીનુ ગુપ્તા સામે દાખલ કરાયેલ ૫,૦૦૦ કરોડના કૌભાંડ અને સત્તાના દુરુપયોગનો કેસ કોર્ટે રદ કર્યો છે. આ કેસ જયપુરમાં લગભગ ૧૦ વર્ષ જૂના મહિન્દ્રા સેઝ જમીન વિવાદ સાથે સંબંધિત છે. સંજય છાબરા દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે વસુંધરા સરકારે મહિન્દ્રા ગ્રુપના આનંદ મહિન્દ્રાને ફાયદો પહોંચાડવા માટે સરકારી જમીન ઉપયોગને ખોટી રીતે બદલ્યો છે.

આ દરખાસ્તમાં ઔદ્યોગિક ઉપયોગ માટે સંપાદિત સેઝ જમીનની અંદર રસ્તાઓ અને ઉદ્યાનો માટે અનામત રાખેલી જમીન વેચવાનો સમાવેશ થતો હતો. તત્કાલીન વસુંધરા રાજે સરકાર દરમિયાન કેબિનેટે આ દરખાસ્તને મંજૂરી આપી હતી. આ કેસમાં ૫૦૦ એકર જમીનનો સમાવેશ થતો હતો, જેની કિંમત તત્કાલીન ડીએલસી દરે આશરે ૫,૦૦૦ કરોડ હોવાનું અનુમાન છે. આ જમીન ઉપયોગ ફેરફાર દરખાસ્ત આઈએએસ અધિકારી વીનુ ગુપ્તા દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

## રાહુલ ગાંધીએ પીએમ મોદીને પત્ર લખીને પંજાબ પૂર પીડિતો માટે રાહત પેકેજની માંગણી કરી

નવીદિલ્હી,તા.૧૮



પંજાબમાં પૂર અને વરસાદે ભારે તબાહી મચાવી છે. લાખો લોકો બેઘર થઈ ગયા છે, ઘણા ગામડાઓ ડૂબી ગયા છે અને પાકનો નાશ થયો છે. જોકે, પરિસ્થિતિ સુધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દરમિયાન, લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કેન્દ્ર સરકારની ૧,૬૦૦ કરોડની સહાયને અપૂરતી ગણાવી છે અને વ્યાપક રાહત પેકેજની માંગણી કરી છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ ૧,૬૦૦ કરોડની પ્રારંભિક રાહત પંજાબના લોકો સાથે ગંભીર અન્યાય છે. તેમણે કહ્યું કે એવો અંદાજ છે કે રાજ્યને ઓછામાં ઓછા ૨૦,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. આ કટોકટીને પહોંચી વળવા માટે વધુ નક્કર પગલાં લેવાની જરૂર છે.

## હું ભારતના બધા ધર્મોનો ખુબ જ આદર કરૂં છું : સીજેઆઈ ગવઈ

નવીદિલ્હી,તા.૧૮

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ),બી આર ગવઈએ ભગવાન વિષ્ણુ વિશેની તેમની ટિપ્પણીઓ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે કોઈએ તેમને કહ્યું કે સોશિયલ મીડિયા પર તેમની ટિપ્પણીઓને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે. હકીકતમાં, મંગળવારે, સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશના ખજુરાહો સ્મારકોના ભાગ, જાવરી મંદિરમાં ભગવાન વિષ્ણુની ૭ ફૂટ ઊંચી, શિરચ્છેદિત પ્રતિમાના પુનઃસ્થાપનની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ વધુમાં જણાવ્યું હતું કે, "હું છેલ્લા ૧૦ વર્ષથી મુખ્ય ન્યાયાધીશને જાણું છું. આ ગંભીર છે. અમે ન્યૂટનના નિયમને જાણતા હતા. દરેક ક્રિયાની સમાન પ્રતિક્રિયા હોય છે.

## મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં સુરક્ષાદળ સાથે અથડામણમાં બે મહિલા નક્સલીઓ ઠાર

ગઢચિરોલી,તા.૧૮



ભારતભરના વિવિધ રાજ્યોમાં નક્સલવાદ વિરુદ્ધ ઝુંબેશ ચાલુ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ માર્ચ ૨૦૨૬ સુધીમાં ભારતમાંથી નક્સલવાદનો નાશ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ જ ક્રમમાં, ગુરુવારે મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં C૬૦ કમાન્ડો સાથેની અથડામણમાં ૧.૪ મિલિયન (આશરે ૧.૪ મિલિયન)નું ઈનામ ધરાવતી બે મહિલા નક્સલીઓને માર્યા ગયા હતા. લગભગ એક કલાક ચાલેલી અથડામણમાં માર્યા ગયા હતા.

# પાકિસ્તાન અને ચીને ફરી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એકતા દર્શાવી બલુચિસ્તાન વિરૂધ્ધ ઠરાવ કર્યો

નવીદિલ્હી,તા.૧૮



પાકિસ્તાન અને ચીને ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એકતા દર્શાવી છે. બંને દેશોએ બલુચિસ્તાન વિરુદ્ધ ઠરાવ રજૂ કર્યો છે, જેમાં બલુચિસ્તાન લિબરેશન આર્મી અને તેની કહેવાતી આત્મઘાતી પાંખ, માજીદ બ્રિગેડને આતંકવાદી સંગઠનો તરીકે નિયુક્ત કરવાની માંગ કરવામાં આવી છે. આ એ જ ચીન છે જેણે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકવાદી સંગઠનોના નેતાઓ વિરુદ્ધ યુએનએસસીમાં ભારતના ઠરાવોને વારંવાર વીટો કર્યા છે. પાકિસ્તાન અને ચીને માંગ કરી છે કે બીએલએ અને તેની આત્મઘાતી શાખાને કાઉન્સિલની ૧૨૬૭ અલ-કાયદા પ્રતિબંધ સમિતિ હેઠળ આતંકવાદી સંગઠનો તરીકે નિયુક્ત કરવામાં આવે. સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ, રાજદૂત અસીમ ઈફ્તિખાર અહેમદે બુધવારે જણાવ્યું હતું કે ઈસ્લામિક સ્ટેટ-ખોરાસન, અલ-કાયદા, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન, પૂર્વ તુર્કસ્તાન ઈસ્લામિક મૂવમેન્ટ, બીએલએ અને મજીદ બ્રિગેડ જેવા આતંકવાદી સંગઠનો અફઘાન ઠેકાણાઓથી કાર્યરત છે. તેમણે જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનમાં ૬૦ થી વધુ આતંકવાદી છાવણીઓ સક્રિય છે.

# અફઘાનિસ્તાને તેની જમીનનો ઉપયોગ આતંકવાદના ઉપયોગ માટે થવા દેવો જોઈએ નહી : ભારત

(એચ.એસ.એલ),ન્યૂયોર્ક,તા.૧૮





ભારતે અફઘાનિસ્તાનમાં ખીલી રહેલા આતંકવાદ સામે સંયુક્ત રાષ્ટ્ર (યુએન)માં કડક વલણ અપનાવ્યું છે. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ અને ન્યૂ યોર્કમાં રાજદૂત, પર્વતાનેની હરીશે જણાવ્યું હતું કે ભારત અફઘાનિસ્તાનના પુનર્નિર્માણને સમર્થન આપે છે, પરંતુ તેની જમીનનો ઉપયોગ હવે આતંકવાદના આધાર તરીકે થઈ શકશે નહીં. ભારતે કહ્યું કે કાબુલે તેની જમીનનો ઉપયોગ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ, અલ-કાયદા અને આઈએસઆઈએલ જેવા આતંકવાદી સંગઠનો માટે થવા દેવો જોઈએ નહીં. ભારતે યુએનમાં આ સંગઠનો સામે નક્કર આંતરરાષ્ટ્રીય કાર્યવાહી કરવાની પણ હાકલ કરી. રાજદૂત હરીશે યુએન સુરક્ષા પરિષદ દ્વારા નિયુક્ત આતંકવાદી સંગઠનો જેમ કે આઈએસઆઈએલ, અલ-કાયદા, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ અને તેમના સમર્થકોની પ્રવૃત્તિઓને રોકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ભારતના વિદેશ મંત્રીએ તાજેતરમાં અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી સાથે બે વાર વાત કરી છે અને ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના પહેલગામ હુમલાની અફઘાન સરકારની કડક નિંદાનું સ્વાગત કર્યું છે.

# ગાંધીનગરમાં મેગા ડિમોલિશન : ૧૦૦૦ કરોડની જમીન ખુલ્લી થશે

ગાંધીનગર,તા.૧૮



ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેથાપુર વિસ્તારમાં GEB પાછળ નદીકિનારે સરકારી જમીન પર થયેલાં ગેરકાયદે ૧૫૦થી વધુ દબાણોને દૂર કરવા માટે ૧૮ સપ્ટેમ્બરને ગુરુવારે વહેલી સવારથી મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરી માટે ૧૦ JCB, ૧૫ આઈવા ટ્રક અને ૭૦૦થી વધુ પોલીસ કર્મચારીઓનો કાફલો તહેનાત કરાયો છે. આ મેગા ડિમોલિશન ડ્રાઈવમાં દબાણકર્તાઓનાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી અંદાજિત ૧૦૦૦ કરોડની એક લાખ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાશે. આ અંગે ગાંધીનગર એસપી રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું હતું કે આરએન્ડબી અને ગાંધીનગર કોર્પોરેશનની જમીનો ઉપર જે દબાણ થયાં છે એને હટાવવા માટે ગુરુવારે સવારે ૪ વાગ્યાથી લગભગ ૨૦ ટીમ કોર્પોરેશન અને આરએન્ડબી તરફથી પોલીસ કર્મચારીઓ, અધિકારીઓ સાથે જોડાયેલી છે. આ કામગીરી માટે ૭૦૦થી વધુ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાયા છે. આ કાર્યવાહીનો હેતુ ૧ લાખ સ્ક્વેર મીટરથી વધુ જમીનને દબાણમુક્ત કરવાનો છે. આ જમીનની કિંમત લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. ડિમોલિશનની કામગીરી ચાલુ છે અને આ દબાણોને હટાવીને જમીન ખુલ્લી કરવામાં આવી રહી છે.

# અમરેલી જિલ્લાના ધારાસભ્યો સહિત અન્ય ધારાસભ્યોએ સરકારની નિષ્ક્રિયતા ઉજાગર કરતા પત્રો લખતા ખળભળાટ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં હાલમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્રજાના કામો ન થતાં ભાજપના જ ધારાસભ્યો અને સાંસદો મેદાને પડ્યા છે. સરકારની નિષ્ક્રિયતાને કારણે પ્રજામાં વધી રહેલા અસંતોષને લઈ શાસક પક્ષના ધારાસભ્યોએ પત્ર લખીને સરકારની આબરૂ ધૂળધાણી કરી છે. આ 'લેટરવોર' એટલી ઉગ્ર બની છે કે સરકાર કે પક્ષ કોઈપણ આ અંગે ખુલીને બોલવા તૈયાર નથી. ગુજરાતમાં ભાજપની સરકાર અને પક્ષ વચ્ચે સંકલનનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. ધારાસભ્યો ખુલીને સરકાર વિરોધી નિવેદનો અને રજૂઆતો કરી રહ્યા છે, છતાં કોઈ પણ પ્રકારની કાર્યવાહી થઈ રહી નથી. કુમાર કાનાણી, સંજય કોરઠિયા, યોગેશ પટેલ, કેતન ઈનામદાર, અમુલ ભડ, ડી.કે. સ્વાપી, જે.વી. કાકડીયા, હીરાભાઈ સોલંકી, મનુભાઈ પટેલ, અભેસિંહ તડવી, હાર્દિક પટેલ, અરવિંદ લાડાણી અને જનકભાઈ તળાવીયા જેવા અનેક ધારાસભ્યોએ વિવિધ મુદ્દાઓ પર સરકારની નિષ્ક્રિયતા ઉજાગર કરતા પત્રો લખ્યા છે. એકાદ બે નહી, અત્યાર સુધીમાં કેટલાંય ધારાસભ્યો સરકારની નિષ્ક્રિયતા ઉજાગર કરતાં પત્ર લખી ચૂક્યાં છે. પરિણામે સરકારની આબરુ ધૂળધાણી થઈ છે. જેમકે કુમાર કાનાણી : સુરતમાં ખાડી પુરની સમસ્યાનો ઉકેલ નહી આવે તો નાછૂટકે આંદોલનમાં જોડાવવું પડશે., સંજય કોરઠિયા : કોઈ અધિકારી કામ માટે રૂપિયા માંગે તો મારી પાસે આવજો, યોગેશ પટેલ : જિલ્લા કલેક્ટર કચેરીઓ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ છે, સરકારનું નિયંત્રણ જ નથી., કેતન ઈનામદાર : વિધવા બહેનોની જમીનમાં બોગસ ખેડૂતો ઘૂસ્યાં છે છતાં તંત્ર તમાશો જુએ છે, અમુલ ભડઃ ટ્રાફિક પોલીસ મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરે છે. તેમ પ્રશ્નો ઉઠાવ્યા છે.

# રાહુલા ગાંધી આજે ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા

રાજકોટ, તા.૧૮



**૧૨ સપ્ટેમ્બરે રાહુલ ગાંધીએ ૪૧ શહેર અને જિલ્લા-પ્રમુખોના ૪ કલાક ક્લાસ લીધા હતા**

ગુજરાતમાં ૩૦ વર્ષથી રાજકીય વનવાસ ભોગવી રહેલી કોંગ્રેસને બેઠી કરવા હવે રાહુલ ગાંધી મેદાને પડ્યા છે. એના ભાગરૂપે જૂનાગઢની ભવનાથ તળેટીમાં શહેર-જિલ્લા કોંગ્રેસ-પ્રમુખની તાલીમ શિબિર ચાલી રહી છે. સ્થાનિક નેતાઓને માર્ગદર્શન આપવા માટે ૧૨ સપ્ટેમ્બરે રાહુલ ગાંધી પણ આવ્યા હતા. તેમણે ૪૧ શહેર અને જિલ્લા-પ્રમુખોના ૪ કલાક ક્લાસ લીધા હતા.

હવે ફરીવાર તા.૧૮ના રોજ તેઓ આ શિબિરમાં ભાગ લેવા આવવાના હતા, જોકે દિલ્હીમાં હવામાન ખરાબ હોવાથી તેમની ફ્લાઈટ ટેક ઓફ થઈ શકી નહોતી. હવે તેમની તા.૧૮ની મુલાકાત રદ થઈ છે. હવે તેઓ આજે આવે એવી શક્યતા છે.

# અનિરૂધ્ધસિંહ જાડેજા જૂનાગઢ જેલમાં સરેન્ડર કરે તેવી સંભાવના

ગોંડલ,તા.૧૮



રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજા ગુરૂવારની મોડી રાત સુધીમાં જૂનાગઢ જેલમાં ગમે તે ઘડીએ પોપટ સોરઠિયા હત્યા કેસમાં સરેન્ડર કરશે. આ સમયે અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં પણ તેમની ધરપકડ થઈ શકે છે. હાલમાં જેલની બહાર પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

હાઈકોર્ટના ૧૮ સપ્ટેમ્બર પહેલાં સરેન્ડર કરવાના ચુકાદાને ગ્રાહ્ય રાખી સુપ્રીમ કોર્ટે અનિરુદ્ધસિંહ જાડેજાને સરેન્ડર કરવા આદેશ કર્યો હતો, જેમાં સરેન્ડર કર્યા પછી સજા માફી અંગે નિર્ણય કરવામાં આવશે.

# અમદાવાદમાં રીક્ષાને ટક્કર મારનાર પોલીસકર્મીની કારમાંથી બિયર મળ્યો

અમદાવાદ,તા.૧૮



અમદાવાદના વિશાલા સર્કલ પાસે ૧૭ સપ્ટેમ્બરની મોડી રાતે કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કારચાલકે પૂરપાટ ઝડપે આવીને રિક્ષાને ટક્કર મારી હતી, જેના કારણે રિક્ષા પલટી જતાં ચાલક બેભાન થયો હતો. અકસ્માત બાદ લોકોનું ટોળું ભેગું થયું હતું અને રિક્ષાચાલકને સારવારમાં ખસેડી કારચાલકને ઝડપીને પોલીસને સોંપ્યો હતો. આ અકસ્માતમાં કારચાલક પોલીસકર્મી હોવાનું સામે આવ્યું છે, સાથે જ તેની કારમાંથી બિયરની બોટલ, વર્દી અને કારની નંબરપ્લેટ પણ મળી હતી. પોલીસકર્મી નશાની હાલમાં હોવાનો આક્ષેપ સ્થળ પર હાજર લોકોએ કર્યો છે. સમગ્ર મામલે એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કેશોદ તાલુકાના ભાટ સિમરોલી ગામે મહિલાઓની જનતા રેડ

જૂનાગઢ,તા.૧૮

કેશોદના ભાટ સિમરોલી ગામે સરપંચ સહિતના ગ્રામજનોએ દારૂના અડ્ડાઓ પર જનતા રેડ પાડી છે. આ રેડમાં મહિલા સરપંચ સહિત ગ્રામજનોએ દારૂ વેચતા તત્વોને ઝડપી પાડ્યા હતા અને પોલીસની નિષ્ક્રિયતા સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. આ સાથે મહિલા સરપંચે આક્ષેપ કર્યો હતો કે, પોલીસને લેટરપેડ પર જાણ કર્યા બાદ પણ કાર્યવાહી ન કરી. આ લોકો મહિલાઓને હેરાન કરે છે. ભાટ સિમરોલી ગામના મહિલા સરપંચ મેનાબેન ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગામમાં દેશી દારૂનું વેચાણ બેફામ રીતે ચાલી રહ્યું છે, જેના કારણે મજૂર અને ગરીબ પરિવારો હેરાન થઈ રહ્યા છે.

# મોરબી અને રાજકોટમાં આઈટી સેલનું મેગા સર્ચ ઓપરેશન ચાલુ

રાજકોટ,તા.૧૮



મોરબી અને રાજકોટમાં IT વિભાગના મેગા સર્ચ-ઓપરેશને સૌરાષ્ટ્રના ઉદ્યોગજગતમાં ખળભળાટ મચાવી દીધો છે. મોરબીના જાણીતા લેવિસ અને મેટ્રો સિરામિક ગ્રુપ પર આવકવેરા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસમાં અત્યાર સુધીમાં ૧૧ કરોડની રોકડ અને ૫ કરોડની જવેલરી જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત તપાસ દરમિયાન ૨૫૦ કરોડ રૂપિયાથી વધુના બેનામી હિસાબો મળ્યા છે, જે અત્યાર સુધીની સૌથી મોટી કરચોરીનો ખુલાસો કરે છે. હાલ આ તપાસ પૂર્ણતાના આરે છે. રાજકોટ ઈન્વેસ્ટિગેશન વિંગના જોઈન્ટ કમિશનરના નેતૃત્વ હેઠળ, આ વર્ષનું સૌથી મોટું સર્ચ- ઓપરેશન ચાલી રહ્યું છે. રાજકોટ સહિત ગુજરાતના ૨૫૦ જેટલા અધિકારીઓ, ટેક્નિકલ ટીમ અને પોલીસકાફલા સાથે, મોરબીના લેવિસ, લીવા, મેટ્રો, મોડર્ન અને ઈડનહિલ ગ્રુપનાં ૪૦ સ્થળે એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ ૪૦ સ્થળમાંથી ૩૦ તો માત્ર માલિકો અને ભાગીદારોનાં નિવાસસ્થાનો જ હતાં, જે દર્શાવે છે કે આ તપાસ માત્ર વ્યાપારી એકમો પૂરતી સીમિત નથી.




# કિંજલ દવે 'ચાર-ચાર બંગડી'વાળુ ગીત ગાઈ નહી શકે, હાઈકોર્ટે સ્ટે લંબાવ્યો

અમદાવાદ,તા.૧૮



ગુજરાતીઓનું પ્રિય 'ચાર-ચાર બંગડી'વાળા ગીતના કોપીરાઈટનો મામલો હાઈકોર્ટમાં છે. નીચલી કોર્ટના ચુકાદા સામે રેડ રિબને હાઈકોર્ટમાં અપીલ કરી હતી, જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કિંજલ દવેના આ ગીતને જાહેર મંચ પરથી ગાવા મુદ્દે સ્ટે યથાવત્ રાખ્યો હતો, જોકે છેલ્લી સુનાવણીમાં આ સ્ટે હટાવી લેવામાં આવ્યો હતો, પરંતુ રેડ રિબન દ્વારા અપીલમાં જવાની તૈયારી બતાવાતાં હાઈકોર્ટ સમક્ષ ૮ અઠવાડિયાં સુધીનો સ્ટે લંબાવવાની માગ કરવામાં આવી હતી, જેથી હાઈકોર્ટે પોતાના ઓર્ડર પર સ્ટે આપ્યો છે, જે ૪ નવેમ્બર સુધી યથાવત્ રહેશે. આ કેસની ફાઈનલ સુનાવણી ડિસેમ્બર મહિનામાં યોજાવાની શકયતા છે. આગામી નવરાત્રિમાં કિંજલ દવેને કોર્ટમાંથી રાહત ના મળે ત્યાં સુધી તો આ ગીત ગાવાની શકયતા નહિવત્ છે.







